# આત્મધર્મ

માસિક : વર્ષ-૨૦ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૨૫



શાસનનાયક શ્રી મહાવીરસ્વામી
શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર, સોનગઢ

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જીવદ્રવ્યનો સ્વભાવ મહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ સર્વથી ઉત્કૃષ્ટ છે. કેવો છે મહિમા ? આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે. તે શું છે આશ્ચર્ય ? વિભાવપરિણામ-શક્તિ વિચારતાં મોહ-રાગ-દ્વેષનો ઉપદ્રવ થઈને સ્વરૂપથી ભ્રષ્ટ થઈને પરિણમે છે, એવું પ્રગટ જ છે; જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી. ૧૨૦. (શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૨૭૪)

● દેખો ! આકાશમાં એક ચંદ્ર છે, એક તેનું નિમિત્ત પામીને પાણીની સ્વચ્છતા વિકારરૂપ ચંદ્ર છે. વળી એક લાલ રંગ છે. વળી (આ તરફ) એક તેનું નિમિત્ત પામીને સ્ફટિકની સ્વચ્છતા વિકારરૂપ લાલ છે. વળી એક મોરસ્કંધ છે, વળી (આ તરફ) એક તેનું નિમિત્ત પામીને દર્પણની સ્વચ્છતા વિકારરૂપ મોર છે. તેવી જ રીતે ગુણસ્થાન, માર્ગણાદિ એક પુદ્ગલસ્કંધરૂપ સંસાર છે, વળી એક તેનું નિમિત્ત પામીને જીવની સ્વચ્છતા, વિકારરૂપ ચેતના-સંસાર છે. ૧૨૧.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૨૧)

● જેમ વાસ્તવમાં પોતે જ એકરસવાળી નમકની કાંકરી નાના પ્રકારના વ્યંજનોમાં (શાકોમાં) મળીને પણ ભિન્નરસવાળી થઈ જતી નથી, તેવી જ રીતે જીવ, પોતે જ અદ્વૈતરૂપ હોઈને સર્વ અવસ્થાઓમાં ચિદાત્મક જ છે, તે પરદ્રવ્યના સંયોગ-વિયોગપૂર્વક થવાવાળા જીવાદિ નવતત્ત્વોમાં વિમિશ્રિત થઈને પણ અશુદ્ધ-દ્વૈતરૂપ થઈ જતો નથી. ૧૨૨.(શ્રી રાજમલ્લજી, શ્રી પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૭૨)

● આત્માસે ભિન્ન જો અજીવ પદાર્થ હૈ, ઉસકે લક્ષણ દો તરહસે હૈ; એક જીવસંબંધી, દૂસરા અજીવસંબંધી. જો દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ હૈ વહ તો જીવસંબંધી હૈ ઔર પુદ્ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ-જીવસંબંધી નહીં હૈ, અજીવસંબંધી હી હૈ, ઈસલિએ અજીવ હૈ, જીવસે ભિન્ન હૈ. ઈસ કારણસે જીવસે ભિન્ન અજીવરૂપ જો પદાર્થ હૈં, ઉનકો અપને મત સમજો. યદ્યપિ રાગાદિક વિભાવપરિણામ જીવમેં હી ઉપજતે હૈં, ઈસસે જીવકે કહે જાતે હૈં, પરંતુ વે કર્મજનિત હૈં, પરપદાર્થ (કર્મ)કે સંબંધસે હૈ, ઈસલિએ પર હી સમજો. ૧૨૩.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૩૦)

વર્ષ–૨૦
અંક–૨




વિ. સંવત
૨૦૮૧
October
A.D. 2025

# ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષકલ્યાણક દિન

આજ દિવાળીનો દિવસ છે. ભગવાન મહાવીરનો આત્મા આજ પૂર્ણ શુદ્ધતાને પામ્યા. પૂર્ણ શુદ્ધતાને પામ્યા એનું નામ મોક્ષ કહેવાય છે. કેવળજ્ઞાન તો હતું પૂર્ણ સ્વભાવ પ્રગટ થઈ ગયો પર્યાયમાં જ્ઞાન, દર્શન, આનંદનો પણ કેટલીક પર્યાયમાં હજી અશુદ્ધતા હતી કેવળીને પણ. એ પોતે જ્યારે સ્થિર થયા અજોગપણે પરિણમન થયું, પર્યાયમાં અજોગપણાનું પરિણમન થયું થોડી અશુદ્ધતા હતી એનો વ્યય થઈ ગયો અને પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ એનું નામ મોક્ષ છે. એ આ ચૌદશની પાછલી રાતે બે દિવસથી તો ભગવાન ત્યાં (પાવાપુરી) સ્થિર થઈ ગયેલા બહારથી તો. અંદર છેલ્લી સ્થિતિએ સ્થિર. છેલ્લી પાંચ સમય પાંચ અક્ષરનો કાળ રહ્યો. સહજ થઈ જાય છે આ કરું છું એમ નથી ત્યાં. સહજ પર્યાયની પરિણતિ ત્યાં શુદ્ધ થઈ જાય છે ને અહીં મુક્તિ થાય છે દેહમાં. મુક્તિ તો અહીં થઈ છે અહીંથી એક સમયમાં સિદ્ધમાં ગતિ. સિદ્ધનું થવું અહીંયા ગતિનું થવું એક સમયમાં અને ત્યાં પહોંચવું એક સમયમાં. એવી આત્માની એક સમયની પર્યાય શુદ્ધ થયેલો સ્વભાવ, સિદ્ધપણાને પામે છે. એનો પછી આ ઈન્દ્રો આવીને મહોત્સવ કરેલો ભક્તિનો એને આ દિવાળી કહેવામાં આવે છે. ખરેખર તો એણે દિવસ દિ પોતાનો સ્વકાળ કર્યો એનું નામ દિવાળી. પોતાના સ્વકાળની પર્યાય પૂર્ણ થઈ એનું નામ દિવાળી. બહારમાં ઈન્દ્રોએ પૂજાદિ ને ભક્તિ કરી એ વ્યવહાર દિવાળી કહેવામાં આવે છે.



(તા. ૨૨-૧૦-૨૦૨૫નો દિન નૂતનવર્ષ સુપ્રભાત દિવસ છે. બધા તીર્થંકર ભગવંતો, જિનવાણી માતા, નિગ્રંથ ભાવલિંગી સંતનો ઉદય સુપ્રભાતરૂપ જ છે, પરંતુ આપણા માટે તો પરમોપકારી શ્રી કહાનગુરુદેવ અને ભગવતીમાતીનો ઉદય સુપ્રભાત સ્વરૂપ છે. તે સર્વે આપણા જીવનમાં રત્નત્રયરૂપ સુપ્રભાત પ્રગટાવે એ જ ભાવના. આચાર્ય પદ્મનંદીદેવકૃત સુપ્રભાત સ્તોત્ર દ્વારા ભગવાનનું કેવળજ્ઞાન, કેવળદર્શનરૂપ સુપ્રભાતની સ્તુતિ કરે છે તે અહીં આપવામાં આવે છે.)




(શાર્દૂલવિક્રીડિત)

निःशेषावरणद्वयस्थितिनिशाप्रान्ते ऽन्तरायक्षया[यो]-
द्द्योते मोहकृते गते च सहसा निद्राभरे दूरतः ।
सम्यग्ज्ञानदृगक्षियुग्ममभिता विस्फारितं यत्र त-
ल्लब्धं यैरिह सुप्रभातमचलं तेभ्यो जिनेभ्यो नमः ।।१।।

**અર્થ :** જે સુપ્રભાતમાં સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બે આવરણ કર્મોની સ્થિતિરૂપ રાત્રિનો અંત થઈને અન્તરાય કર્મના ક્ષયરૂપી પ્રકાશ થઈ જતાં તથા શીઘ્ર જ મોહકર્મથી નિર્મિત નિદ્રાભાર સહસા દૂર થઈ જતાં સમીચીન જ્ઞાન અને દર્શનરૂપ નેત્રયુગલ સર્વ તરફ વિસ્તાર પામ્યા છે અર્થાત્ ખૂલી ગયાં છે એવા તે સ્થિર સુપ્રભાતને જેમણે પ્રાપ્ત કરી લીધું છે તે જિનેન્દ્રદેવોને નમસ્કાર હો.

यत्सच्चक्रसुखप्रदं यदमलं ज्ञानप्रभाभासुरं लोकालोकपदप्रकाशनविधिप्रौढं प्रकृष्टं सकृत् ।
उद्भूते सति यत्र जीवितमिव प्राप्तं परं प्राणिभिः त्रैलोक्याधिपतेर्जिनस्य सततं तत्सुप्रभातं स्तुवे ।।२।।

**અર્થ :** જે સુપ્રભાત સત્ચક્ર અર્થાત્ સજ્જનોને સુખ આપનાર (અથવા ઉત્તમ ચકવાક પક્ષીઓને સુખ આપનાર અથવા સમીચીન ચક્રરત્ન ધારણ કરનાર ચક્રવર્તીને સુખ આપનાર), નિર્મળ, જ્ઞાનની પ્રભાથી પ્રકાશમાન, લોક અને અલોકરૂપ સ્થાનને પ્રકાશિત કરવાની વિધિમાં ચતુર અને ઉત્કૃષ્ટ છે તથા જે એકવાર પ્રગટ થતાં જાણે પ્રાણી ઉત્કૃષ્ટ જીવનને જ પ્રાપ્ત કરી લે છે; એવા તે ત્રણ લોકના અધિપતિસ્વરૂપ જિનેન્દ્ર ભગવાનના સુપ્રભાતની હું નિરંતર સ્તુતિ કરૂં છું. ૨.

एकान्तोद्धतवादिकौशिकशतैर्नष्टं भयादाकुले-र्जातं यत्र विशुद्धखेचरनुतिव्याहारकोलाहलम् ।
यत्सद्धर्मविधिप्रवर्धनकरं तत्सुप्रभातं परं मन्ये ऽर्हत्परमेष्ठिनो निरुपमं संसारसंतापहृत् ।।३।।

**અર્થ :** જે સુપ્રભાતમાં સર્વથા એકાન્તવાદથી ઉદ્ધત સેંકડો પ્રવાદીરૂપ ઘૂવડ પક્ષી ભયથી વ્યાકુળ થઈને નષ્ટ થઈ ગયા છે, જે આકાશગામી વિદ્યાધરો અને દેવો દ્વારા કરવામાં આવતી વિશુદ્ધ સ્તુતિના શબ્દથી શબ્દાયમાન છે, જે સમીચીન ધર્મવિધિને વધારનાર છે, ઉપમા સહિત અર્થાત્ અનુપમ છે અને સંસારનો સંતાપ નષ્ટ કરનાર છે, એવા તે અરહંત પરમેષ્ઠીના સુપ્રભાતને જ હું ઉત્કૃષ્ટ સુપ્રભાત માનું છું. ૩.

सानन्दं सुरसुन्दरीभिरभितः शक्रैर्यदा गीयते प्रातः प्रतरधीश्वरं यदतुलं वैतालिकैः पठ्यते ।
यच्चाश्रावि नभश्चरैश्च फणिभिः कन्याजनाद्गायत-स्तद्वन्दे जिनसुप्रभातमखिलत्रैलोक्यहर्षप्रदम् ॥४॥

**અર્થ :** ઇન્દ્રો સાથે દેવાંગનાઓ જે સુપ્રભાતનું આનંદપૂર્વક સર્વ તરફ ગાન કરે છે, ભાટચારણો પોતાના સ્વામીનું લક્ષ્ય રાખીને જે અનુપમ સુપ્રભાતની સ્તુતિ કરે છે તથા જે સુપ્રભાત વિષે વિદ્યાધર અને નાગકુમાર જાતિના દેવ ગાતી કન્યાઓ પાસેથી સાંભળે છે; આ રીતે સમસ્ત ત્રણે લોકને હર્ષિત કરનાર તે જિન ભગવાનના સુપ્રભાતને હું વંદન કરૂં છું. ૪.

उद्द्योते सति यत्र नश्यति तरां लोके ऽघचौरो ऽचिरं दोषेशो ऽन्तरतीव यत्र मलिनो मन्दप्रभो जायते ।
यत्रानीतितमस्ततेर्विघटनाज्जाता दिशो निर्मला वन्द्यं नन्दतु शाश्वतं जिनपतेस्तत्सुप्रभातं परम् ॥५॥

**અર્થ :** જે સુપ્રભાતનો પ્રકાશ થતાં લોકમાં પાપરૂપી ચોર અત્યંત જલ્દી નષ્ટ થઈ જાય છે, જે સુપ્રભાતના પ્રકાશમાં દોષેશ અર્થાત્ મોહરૂપ ચન્દ્રમા અંદર અતિશય મલિન થઈને મંદ તેજવાળો થઈ જાય છે તથા જે સુપ્રભાત થતાં અન્યાયરૂપ અંધકારનો સમૂહ ન થઈ જવાથી દિશાઓ નિર્મળ થઈ જાય છે; એવા તે વંદનીય અને અવિનશ્વર જિન ભગવાનનું ઉત્કૃષ્ટ સુપ્રભાત વૃદ્ધિને પ્રાપ્ત થાવ.

मार्गं यत्प्रकटीकरोति हरते दोषानुषङ्गस्थितिं लोकानां विदधाति दृष्टिमचिरादर्थावलोकक्षमाम् ।
कामासक्तधियामपि कृशयति प्रीतिं प्रियायामिति प्रातस्तुल्यतयापि कोऽपि महिमापूर्वः प्रभातो ऽर्हताम् ।६।

**અર્થ :** અરહંતોનું પ્રભાત માર્ગ પ્રગટ કરે છે. દોષોના સંબંધની સ્થિતિ નષ્ટ કરે છે, લોકોની દૃષ્ટિ તરત જ પદાર્થોને દેખવામાં સમર્થ બનાવે છે તથા વિષયભોગમાં આસક્ત બુદ્ધિવાળા પ્રાણીઓની સ્ત્રીવિષયક પ્રીતિ કૃશ (નિર્બળ) કરે છે. આ રીતે તે અરહંતોનું પ્રભાત જો કે પ્રભાતકાળ તુલ્ય જ છે, છતાં પણ તેનો કોઈ અપૂર્વ જ મહિમા છે.

यद्भानोरपि गोचरं न गतवान् चित्ते स्थितं तत्तमो भव्यानां दलयत्तथा कुवलये कुर्याद्विकाशश्रियम् ।
तेजः सौख्यहतेरकर्तृ यदिदं नक्तंचराणामपि क्षेमं वो विदधातु जैनमसमं श्रीसुप्रभातं सदा ॥७॥

**અર્થ :** ભવ્ય જીવોના હૃદયમાં સ્થિત જે અંધકાર સૂર્યગોચર થયો નથી અર્થાત્ જેને સૂર્ય પણ નષ્ટ કરી શક્યો નથી તેને જે જિન ભગવાનનું સુપ્રભાત નષ્ટ કરે છે, જે કુવલય (ભૂમંડળ) ના વિષયમાં વિકાસલક્ષ્મી (પ્રમોદ) કરે છે—લોકના સર્વે પ્રાણીઓને હર્ષિત કરે છે તથા જે નિશાચરો (ચન્દ્ર અને રાક્ષસ આદિ) ના પણ તેજ અને સુખનો ઘાત કરતું નથી; તે જિન ભગવાનનું અનુપમ સુપ્રભાત સર્વદા આપ સૌનું કલ્યાણ કરો.

भव्याम्भोरुहनन्दिकेवलरविः प्राप्नोति यत्रोदयं दुष्कर्मोदयनिद्रया परिहृतं जागर्ति सर्वं जगत् ।
नित्यं यैः परिपठ्यते जिनपतेरेतत्प्रभाताष्टकं तेषामाशु विनाशमेति दुरितं धर्मः सुखं वर्धते ॥८॥

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૭૭-૭૮ ના પ્રવચનમાંથી)

## પુણ્ય દુઃખનું સાધન છે

આ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો તે મોહમાં વર્તે છે અને ઘોર અપાર સંસારમાં રખડે છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ, દયાદિના ભાવ તે શુભ ઉપયોગ છે, અને હિંસા, જૂઠું, ચોરી, વગેરેના ભાવ અશુભ ઉપયોગ છે. શુભ ઉપયોગ તે ઈન્દ્રિય સુખ આપે છે અને અશુભ ઉપયોગ પ્રતિકૂળતા આપે છે. આગળની ગાથામાં સાબિત થયું છે કે ઈન્દ્રિય સુખ તે પણ દુઃખનું સાધન છે માટે શુભ અને અશુભભાવોમાં અનાત્મધર્મપણું સમાન છે, પરમાર્થે બંનેમાં કાંઈ ફેર નથી.

પુણ્ય અને પાપથી મળતા ઈન્દ્રિય સુખ અને ઈન્દ્રિયદુઃખમાં પરમાર્થે કાંઈ ફેર નથી. પુણ્ય અને પાપ આત્માના ધર્મ નહિ હોવાથી, બંને આસ્રવ હોવાથી પરમાર્થે બંનેમાં કાંઈ ફેર નથી તેથી પુણ્ય અને પાપમાં દ્વૈતપણું ટકતું નથી, બંને એક જ છે. આમ હોવા છતાં જે જીવ પુણ્ય અને પાપમાં તફાવત માને છે એટલે તે પુણ્ય ઠીક છે, કરવા જેવું છે, ને તે કરતા કરતાં ધર્મ થશે—એમ પુણ્ય ને પાપથી જુદું પાડે છે તે ઘોર સંસારી છે કારણ પુણ્ય ને પાપ બંને આસ્રવતત્ત્વ છે.

બેડી સુવર્ણની હો કે લોખંડની, બંને બાંધવાનું જ કામ કરે છે તેમ પુણ્ય હો કે પાપ બંને બંધનું જ કારણ છે—તેવું જ્ઞાન નહિ હોવાના કારણે પોતાના જ્ઞાનસ્વભાવની રુચિ છોડીને પુણ્યની રુચિ અજ્ઞાની કરે છે, ને નવમી ગ્રૈવેયકના દેવપદ તથા મોટી સંપદાના કારણભૂત શુભભાવનું-પંચમહાવ્રતનું પાલન, દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ આદિનું ઘણા ગાઢપણે અવલંબન લ્યે છે. તે જીવ શુભની ક્રિયામાં ઓતપ્રોત થઈ ગયો છે. મનના અવલંબન રહિત આત્મા ચૈતન્યમૂર્તિ નિર્મળ દીવાલ છે તે શુદ્ધનું અવલંબન છોડી અજ્ઞાની જીવે પોતાની ચિત્તરૂપી ભૂમિ પુણ્યથી રંગીને મેલી તથા વિકૃત કરી છે.

પોતાના જ્ઞાતાસ્વભાવમાંથી શુદ્ધ, અમૃતના ઝરણારૂપી, વ્યક્તતા નીકળવી

શ્રી મલ્લિનાથ સ્તુતિ

જિન શુક્લ ધ્યાન તપ અગ્નિ બલી,
જિસસે કર્મોંધ અનંત જલી;

શ્રી સ્વયંભૂ-સ્તોત્ર

જોઈએ પણ અજ્ઞાની જીવ શુદ્ધોપયોગને વ્યક્ત કરતો નથી ને વિકાર ઉત્પન્ન કરે છે. તે અજ્ઞાની શુદ્ધોપયોગનો તિરસ્કાર કરે છે અને સદાને માટે શારીરિક દુઃખને જ અનુભવે છે. જ્યાં સુધી તે આવો ને આવો અજ્ઞાનભાવ ચાલુ રાખશે ત્યાં સુધી સંસારમાં રખડવાનો છે.

અહીં આચાર્ય ભગવાને જ્ઞાનસ્વભાવની ઉગ્રતા બતાવતા કહ્યું કે જ્ઞાનતત્ત્વનું એટલે શુદ્ધોપયોગનું ફળ તે સિદ્ધ અને પુણ્યતત્ત્વનું એટલે અશુદ્ધ ઉપયોગનું ફળ ક્રમે કરીને નિગોદ છે. પુણ્યની રુચિવાળા જીવ જ્ઞાનનો તિરસ્કાર કરે છે માટે તેને ક્રમે કરીને નિગોદદશા પ્રાપ્ત થશે. જ્યાં જ્ઞાનની હીણામાં હીણી દશા છે. 'સદાને માટે' એમ જે કહ્યું છે તેનું કારણ એ છે કે બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિયપણું ને પંચેન્દ્રિયમાં દેવથી નારકી સુધી બધા ત્રસ ભવોની સ્થિતિ કુલ્લે બે હજાર સાગર છે તે ઘોર સંસાર નથી. સંસારનો વધારે કાળ નિગોદમાં હોય છે તેથી 'સદાને માટે'નો અર્થ અહીં નિગોદ થાય છે.

વળી ''શારીરિક દુઃખને જ અનુભવે છે''—એમ કહ્યું છે તેનો અર્થ એમ કે શુભની રુચિવાળાને ક્રમે કરીને માત્ર શરીરનો જ સંયોગ રહેશે, મન, વાણીનો પણ સંયોગ રહેશે નહિ કે જે દશા નિગોદની છે જ્યાં માત્ર શરીર-ફક્ત એક સ્પર્શેન્દ્રિય જ છે. પોતાના જ્ઞાનસ્વભાવની તાકાત ત્રણ કાળના પદાર્થને જાણવાની છે તેનો આદર છોડીને પુણ્યની રુચિ કરીને જે જીવ અટકે છે તે ભવિષ્યમાં ક્રમે કરીને નિગોદમાં જ જશે ને અનંતકાળ રખડશે. જ્ઞાનમાં સંસાર નથી ને પુણ્યની રુચિમાં સંસારનો અંત આવતો નથી.

## શુદ્ધોપયોગ સર્વ દુઃખનો ક્ષય કરે છે.

શુભભાવ અને અશુભભાવ બંને સમાન છે એમ નક્કી કરીને, સમસ્ત રાગ-દ્વેષના બેપણાને દૂર કરીને, સર્વ દુઃખનો ક્ષય કરવાનો પાકો વિચાર કરીને, મુનિ શુદ્ધોપયોગમાં વસે છે. અહીં મુખ્યપણે મુનિની વાત છે. શ્રાવક રાગ-દ્વેષને માન્યતામાં દૂર કરે છે. શુભાશુભ પોતાનું સ્વરૂપ નથી એમ નિર્ણય કરી આત્મામાં રમણતા કરવા માટે મુનિ શુદ્ધોપયોગ અંગીકાર કરે છે.

શુભ ને અશુભભાવ બંને સમાન છે. તે આત્માનું સ્વરૂપ નથી. બંને ભાવ જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધભાવ છે ને કર્મ ઉત્પન્ન કરે તેવી જાતના છે. બંને ભાવો ભમ્મરીયા ઊંડા કુવા જેવા છે. પુણ્યને વિષતરુના ફળ કહ્યા છે. બંને ભાવોથી રહિત જ્ઞાનસ્વભાવ

જિનસિંહ પરમ કૃતકૃત્ય ભયે,
નિઃશલ્ય મલ્લિ હમ શરણ ગયે. ૧૧૦

છે એમ વસ્તુસ્વરૂપને યથાર્થ જાણવું જોઈએ.

જેમ ૧૦૫ ડિગ્રી તાવ અને ૧૦૦ ડિગ્રી તાવ બંને તાવ છે. એકપણ તાવ નિરોગનું લક્ષણ નથી. તેમ શુભભાવ હો કે અશુભભાવ હો એકે નિરોગી નિર્મળ આત્માનું લક્ષણ નથી. અનાદિથી જે જીવ જડની ક્રિયામાં તથા પુણ્યમાં ધર્મ માને છે તે જીવને કમળાનો રોગ થયો છે. તેથી એવી ઉંધી માન્યતા છોડીને પોતાના જ્ઞાનસ્વભાવથી જ ધર્મ થશે—એમ નક્કી કરવું તે સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ શ્રદ્ધા છે ને તે પ્રથમ ધર્મ છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે.

આવી સાચી શ્રદ્ધા ને જ્ઞાન કરેલા મુનિ હવે સ્થિરતા કરવા આગળ વધે છે ને સમસ્ત પર્યાયો સહિત સમગ્ર સ્વ ને પરદ્રવ્યો પ્રત્યે રાગ ને દ્વેષ છોડે છે. અહીં પરદ્રવ્યોમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, દેશ, શરીર, કર્મ વગેરે પદાર્થો આવી જાય છે. તે પરપદાર્થો હોય તો ધર્મ થાય તેવું વસ્તુસ્વરૂપ નથી. દરેક પદાર્થો જીવ અને પરમાણુઓ સ્વતંત્ર છે. તેનાથી જીવને લાભ-નુકસાન નથી ને પરની અવસ્થા જીવ કરી શકતો નથી—એમ પરદ્રવ્યોને તેની અવસ્થાથી જીવને જુદો જાણવો. તથા પરને લક્ષે પોતામાં શુભાશુભ થાય તે વિકાર છે ને આત્માનું સ્વરૂપ નથી—એમ વિકાર ને પરપદાર્થથી જુદો જાણવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે. મારો આત્મા જ્ઞાનસ્વભાવી છે ને મારા ત્રણ કાળના પર્યાય જ્ઞાનમય જ છે. મારા પર્યાયથી છે ને બીજાથી નથી. પર આત્મા જ્ઞાનસ્વભાવી છે ને તેમના ત્રણ કાળના પર્યાય જ્ઞાનમય જ છે તેમના પર્યાય તેના આત્માથી થાય છે, મારાથી થતા નથી. જડપદાર્થો સ્પર્શ-રસ-ગંધ-રંગમય છે ને તેમના ત્રણ કાળના પર્યાયો રૂપી છે. તેમના પર્યાયો તે જડ પદાર્થથી જ થાય છે, મારાથી થતા નથી.

પોતામાં થતા શુભાશુભભાવો એ મારું સ્વરૂપ નથી એમ તો શ્રદ્ધા ને જ્ઞાનમાં નક્કી કરેલ છે. અહીં તો તેથી આગળ વધીને આચાર્ય ભગવાને અંતર રમણતાની અને ચારિત્રની વાત કરી છે. સમ્યગ્જ્ઞાન થયા પછી દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના, શાસ્ત્ર લખવાના, શુભરાગને એટલે કે બધા પર પદાર્થો પ્રત્યેના રાગ-દ્વેષને મુનિ છોડે છે. અસ્થિરતામાં જે અલ્પ રાગ-દ્વેષ થઈ આવતા તે સ્વભાવમાં એકાગ્ર થતાં ઉત્પન્ન થતાં નથી.

આ ગાથામાં સ્વ તથા પર એવા સમસ્ત દ્રવ્યો પ્રત્યે થતા રાગ અને દ્વેષને છોડે છે'—એમ કહ્યું છે તેમાં પરપદાર્થ પ્રત્યેની વાત કહેવાઈ ગઈ અને સ્વ પ્રત્યેના રાગદ્વેષ

છોડવાની વાત કહી છે તે સૂક્ષ્મ છે. આત્મા જ્ઞાનસ્વભાવી શુદ્ધ છે ને તેવા શુદ્ધસ્વભાવમાં ઠરું—એવો વિકલ્પ તે રાગ છે, અથવા શુદ્ધોપયોગને ગ્રહણ કરું—તેવો શુદ્ધોપયોગ તરફનો રાગ તેને અહીં સ્વ પ્રત્યેનો રાગ કહ્યો છે. અશુદ્ધોપયોગનો અભાવ કરું કે અશુદ્ધોપયોગનો નિષેધ કરું—એવો વિકલ્પ અથવા શુદ્ધોપયોગના રાગનો અભાવ કરું એવો વિકલ્પ—એવા બંને વિકલ્પ દ્વેષ છે, તેને સ્વ પ્રત્યેનો દ્વેષ કહ્યો છે. સ્વરૂપમાં ઢળું ને વિકલ્પને છોડું એવા અસ્થિરતાના રાગદ્વેષને મુનિ છોડે છે.

અહીં સ્વ તથા પરના રાગ-દ્વેષને છોડે છે—એમ કહ્યું છે. ખરેખર જે રાગ-દ્વેષ થયા તેને છોડવા શુંય તે તો છોડી શકાતા નથી. રાગના લક્ષે રાગ છૂટતો નથી પણ જ્ઞાનસ્વભાવમાં ઠરતાં પર કે સ્વ તરફના કોઈપણ પ્રકારના રાગ-દ્વેષ ઉત્પન્ન જ થતા નથી તેને સ્વ-પરના રાગ-દ્વેષ છોડે છે—એમ કહેવામાં આવે છે. અહીં સ્વ-પરને જાણવું તે તો જ્ઞાનનો પર્યાય છે, તે તો પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેથી જાણવું નુકસાન કરતું નથી પણ ઈચ્છા કરવી તે રાગ છે, ચારિત્રગુણની વિકારી પર્યાય છે ને તે પોતાના સ્વભાવમાં ઠરવા દેતી નથી—એમ સમજવું.

અહીં તો સમ્યગ્જ્ઞાન થયા પછી મુનિના શુદ્ધોપયોગની વાત કરી છે. મુનિ પોતાના શુદ્ધોપયોગમાં સર્વથા લીન છે. ''આત્મામાં ઠરું''—એવા વિકલ્પને અહીં પરદ્રવ્ય કહ્યું છે. પોતાના જ્ઞાનસ્વભાવમાં ઠરતા આવા પરદ્રવ્યનું પણ આલંબન સ્હેજે છૂટી ગયું છે એવા મુનિઓ ''શારીરિક દુઃખ''નો નાશ કરે છે, એટલે તેમને નિગોદદશા તો કદી પણ મળતી નથી પણ અવતાર રહેતા નથી ને સંપૂર્ણ આનંદને પ્રાપ્ત કરે છે. મુનિ બીજી કોઈ ક્રિયા કે શુભભાવમાં લીન નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવ એકમાં જ લીન છે. તેથી ''એકાંતે ઉપયોગ વિશુદ્ધ કહ્યો છે, ને તે સમ્યક્ એકાંત છે.

અગ્નિ લોખંડના સંબંધે રહે તો ઘણા ઘા સહન કરવા પડે પણ લોખંડથી જુદી પડે તો ઘણા ઘા સહન કરવા પડે નહીં, તેમ જ્ઞાનમૂર્તિ સ્વભાવમાં પુણ્ય-પાપરૂપી લોઢું પકડે તો દુઃખ સહન કરવું પડે પણ શુદ્ધોપયોગી મુનિ શરીર, કર્મ, પુણ્ય, પાપ વગેરે પરદ્રવ્યોને અવલંબતો નથી તેથી તેને જરાપણ દુઃખ હોતું નથી ને પરિપૂર્ણ સુખદશાને પ્રાપ્ત થાય છે. માટે આચાર્ય ભગવાન કહે છે કે ''આ શુદ્ધોપયોગ જ મને શરણ છે''. તાડપત્ર ઉપર શાસ્ત્ર લખતી વખતે પણ શુદ્ધોપયોગ જ શરણભૂત છે—એમ કહે છે. તાડપત્રની અવસ્થા, લખવાની ક્રિયા, હાથની ક્રિયા, શુભરાગ વગેરે બધી ક્રિયાના આચાર્ય ભગવાન જ્ઞાતાદ્રષ્ટા છે. અહીં પંચપરમેષ્ઠીને શરણ કહ્યા નથી, સાક્ષાત્ ભગવાનને શરણરૂપ કહ્યા નથી. તાડપત્ર ઉપર શાસ્ત્ર લખવાના શુભભાવને પણ શરણરૂપ કહ્યો નથી. માત્ર શુદ્ધોપયોગ એક જ શરણરૂપ છે એમ કહ્યું છે. (ક્રમશઃ) ❊

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૩, ગાથા - ૩૮)

## નિજ નિધાનને ખોલવાની ચાવી

શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્રજીની આ ૩૮મી ગાથા શરૂ થાય છે.

यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि ।
तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ।।३८।।

જેમ જેમ વિષયો સુલભ, પણ નહિ રુચિમાં આય,
તેમ તેમ આતમ-તત્ત્વમાં અનુભવ વધતો જાય. ૩૮.

ગાથાનો અર્થ એ છે કે ધર્મીજીવને જેમ જેમ સહજ પ્રાપ્ત થયેલ ઈન્દ્રિય વિષયભોગો રુચિકર નથી લાગતા તેમ તે સ્વાત્મ-સંવેદનમાં નિજાત્માનુભવનની પરિણતિ વૃદ્ધિને પ્રાપ્ત થતી જાય છે.

ધર્મી જીવને પોતાના આત્મામાં જ પોતાનો ધર્મ ભાસે છે. ધર્મ કહેતા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ બધી ધર્મની પર્યાય છે. આ ધર્મપર્યાય કોઈ સંયોગોના અવલંબનથી કે રાગના કે એક સમયની પર્યાયના અવલંબનથી પ્રગટ થતો નથી પણ ત્રિકાળ શુદ્ધ નિજ પરમાત્મતત્ત્વના અવલંબનથી જ તે પ્રગટ થાય છે કેમકે વસ્તુ પોતે અનંત આનંદ આદિ અનંત ધર્મોથી ભરેલી છે.

આત્મામાં જ આનંદ છે એવી શ્રદ્ધા થાય, જ્ઞાન થાય અને આત્મામાં જ આનંદ છે એવી સ્થિરતા થાય તેનું નામ ધર્મ છે, આવી શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા થયા પછી ધર્મીને પૂર્વ પુણ્યને કારણે સહજ પ્રાપ્ત થતા ઈન્દ્રિય વિષયોમાં આનંદ ભાસતો નથી. પાંચ પચાસ કરોડની લક્ષ્મી કે મોટા અધિકારમાં ધર્મીને આનંદ ભાસતો નથી કેમ કે તેણે અનંત આનંદ ભરેલી નિજ લક્ષ્મી અને અધિકારનું અવલોકન કરી લીધું છે.

અજ્ઞાનીએ અનાદિકાળથી અનંતવાર પરનું અવલોકન કર્યું પણ એક સમય પણ પોતાનું અવલોકન કર્યું નથી પણ જેણે એક સમય પણ પોતાનું અવલોકન કર્યું છે એવા ધર્મીને બહારમાં ક્યાંય રુચિ થતી નથી. જેમ રમતા બાળકને પિતા ભણવા મોકલે તો ભણવા જાય છે. તેનું મન રમતમાં હોય છે કે ક્યારે ભણવાનું પૂરું થાય અને રમવા

**સાધુગણકી સભામેં સુશોભિત ભયે,**
**ચંદ્ર જિમ ઉડુગણોંસે સુવેષ્ઠિત ભયે. ૧૧૧**

ચાલ્યો જાઉં, તેમ ધર્મીને સ્વભાવની રુચિ જાગી છે તેથી બહારના વિકલ્પમાં રસ આવતો નથી ને એમ થાય છે કે ક્યારે હું મારા સ્વભાવમાં રમણતા કરું! ધર્મી અન્યાયથી મળેલ લક્ષ્મી આદિ તો વાપરતા જ નથી પણ પૂર્વ પુણ્યોદયે સહજ પ્રાપ્ત ઈન્દ્રપદ, ઈન્દ્રાણીનો સંયોગ, ચક્રવર્તીપદ અને ૯૬૦૦૦ રાણીનો સહજ યોગ મળે છતાં ધર્મીને તેમાં સુખબુદ્ધિ થતી નથી. સમયસાર નાટકમાં આવે છે કે ધર્મી પૂર્વ પુણ્યથી પ્રાપ્ત બાહ્ય વિષયભોગોને વિષ્ટા સમાન જાણે છે તેથી જેમ વિષ્ટા છોડવા લાયક છે તેમ ધર્મી વિષયભોગો તરફનું લક્ષ છોડવા જેવું છે એમ જાણે છે.

શ્રીમદ્ રાજચંદ્ર પણ ૧૬ વર્ષની ઉંમરે આમ લખે છે કે—

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો, એકપળ તમને હવો."

લક્ષ્મી વધે, અધિકાર વધે કે કુટુંબ વધે તેમાં તારામાં શું વધ્યું ભાઈ! તારી ગુણસંપદા અને ગુણસમાજ તો તારી પાસે જ છે. તેનાથી તારી મોટાઈ છે.

અશુભની રુચિ તો ઠીક પણ જેને શુભભાવની રુચિ છે તેને શુભના ફળમાં પ્રાપ્ત ભોગોની પણ રુચિ છે. તેથી જ એક જગ્યાએ કહ્યું છે કે જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. વ્રતાદિના પરિણામ પુણ્ય છે, વિકાર છે, અચેતન છે, તે તો ચૈતન્ય સ્વભાવથી વિરુદ્ધભાવ છે. તેની જેને રુચિ છે તેને ભોગોની જ રુચિ છે, તેને ખરેખર ચાર ગતિના ભવભ્રમણની રુચિ છે, આત્માની રુચિ નથી.

ધર્મીને તો પરદ્રવ્યનો અને વિકલ્પનો સંગ થાય છે તેમાં દુઃખ લાગે છે. કોઈ પ્રશંસા કરે તે ગાળ સમાન લાગે છે. પુણ્ય-પાપના ભાવ ઝેર જેવા લાગે છે. મંત્ર-તંત્રાદિ દુઃખરૂપ લાગે છે. પોતાની નિધિ પોતામાં જોઈ છે તેથી બહાર કાંઈ સુખરૂપ લાગતું જ નથી. પોતાના નિધાનમાં એકાગ્રતા કરવી તે જ નિધાન ખોલવાની ચાવી છે. તેથી ધર્મી તેનો જ પ્રયત્ન કરે છે. પુણ્ય-પાપની ક્રિયા તે નિધાન ખોલવાની ચાવી નથી. તેથી ધર્મીને તેમાં રસ નથી.

લૌકિક ઉન્નતિથી ધર્મ પોતાની ઉન્નતિ માનતા નથી. શરીરની કાંતિને ધર્મી રાખ

મોરકે કંઠ સમ નીલરંગ રંગ હૈ,
કામમદ જીતકર શાંતિમય અંગ હૈ;

સમાન જાણે છે. જડની સુંદરતાથી પોતાની સુંદરતા માને છે. તે તો મૂઢ છે, તેને પોતાની સુંદરતાનું ભાન નથી. નજર કરતાં જ જ્યાં નિધાન હાથમાં આવે તેમ છે એવી પોતાની વસ્તુને તો અજ્ઞાની જોતો નથી, સાંભળતો નથી અને જેમાં કાંઈ નથી એવા જડ વિષયો તરફ સાવધાનીપૂર્વક નજર રાખીને બેઠો છે.

મારા ચૈતન્યઘરમાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે, એવું જાણતા ધર્મીને બાહ્ય ઘર તો બાણની અણી સમાન દુઃખદાયી લાગે છે. કુટુંબના કાર્ય કાળ સમાન લાગે છે. લોકલાજ લાળ સમાન, આબરૂ-કીર્તિ નાકના મેલ સમાન અને ભાગ્યોદય ધર્મીને વિષ્ટા સમાન લાગે છે. ભાગ્યોદયથી મોટા મોટા મકાન આદિ બધી અનુકૂળ સામગ્રી મળે પણ તેનાથી આત્માને શું લાભ ? તે કોઈ ચીજ આત્મામાં આવતી નથી. આત્મામાં તો તેની મમતા આવે છે જે આત્માને દુઃખ દેનારી છે તેથી ચક્રવર્તીપદ પણ ધર્મીને રુચતું નથી.

ભગવાન આત્માના સત્ત્વમાં-તત્ત્વમાં આનંદનિધાન ભર્યું છે તેની દૃષ્ટિ-રુચિ થઈ તેને બહારમાં કાંઈ ચેન પડતું નથી, રસ પડતો નથી, ખુશી લાગતી નથી-રાજીપો થતો નથી. આવા ધર્મીને બનારસીદાસ કહે છે કે હું નમસ્કાર કરું છું.

જ્ઞાનીએ બહારમાં તો બધું જોઈ લીધું પણ ક્યાંય સુખ ન મળ્યું. શાસ્ત્રો પણ વાંચ્યા પણ શાસ્ત્રના અવલંબનથી પણ આનંદ ન મળ્યો. સ્વાત્મસંવેદનમાં જ સુખ-આનંદ બધું મળ્યું પછી હવે તેને બહારના બધા ભોગો દુઃખદાયક ભાસે છે અને જેમ જેમ એ સહજ મળેલા બાહ્ય વિષયોમાં અરુચિ વધતી જાય છે તેમ તેમ આત્માનુભવમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થતી જાય છે.

શ્રોતા : આપ કહો છો કે ગુરુથી કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી પણ ગુરુની વાણી સાંભળ્યા વગર જ્ઞાન ક્યાંથી થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ વાત આગળ આવી ગઈ છે કે પોતાનો આત્મા જ પોતાના કલ્યાણનો માર્ગ બતાવનારો ગુરુ છે. જેને અંદરથી પાત્રતા જાગી છે—આત્માને ઓળખવાની જિજ્ઞાસા જાગી છે તેને ગુરુ મળ્યા વગર રહેતા નથી. અરે ! ગુરુ તો શું સાક્ષાત્ ભગવાનનો યોગ પણ બની જાય છે. એવી ઊંડી ભાવના હોય કે મરીને મહાવિદેહક્ષેત્રમાં ભગવાનના યોગમાં જન્મ લે. પોતાની પાત્રતા હોય અને નિમિત્ત ન મળે એમ બનતું નથી. પણ નિમિત્ત મળે છતાં પાત્રતા ન હોય તો નિમિત્ત શું કરે ? અનંત ભવમાં અનંતવાર જીવ સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો-વાણી સાંભળી આવ્યો પણ પોતાના સ્વરૂપના અવલોકનની રુચિ વિના સાંભળેલું બધું શૂન્ય થઈ ગયું. (ક્રમશઃ) ❋



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## નિર્વિકલ્પ–અનુભવ વખતનો વિશિષ્ટ આનંદ

''પ્રશ્ન :—જો સવિકલ્પ–નિર્વિકલ્પદશામાં જાણવાની વિશેષતા નથી તો અધિક આનંદ કઈ રીતે થાય છે?

સમાધાન :—સવિકલ્પદશા વખતે જ્ઞાન અનેક જ્ઞેયને જાણવારૂપ પ્રવર્તતું હતું, તે નિર્વિકલ્પદશામાં કેવળ આત્માને જ જાણવામાં પ્રવર્તે છે,—એક તો એ વિશેષતા છે; બીજી વિશેષતા એ છે કે જે પરિણામ વિવિધ વિકલ્પમાં પરિણમતા હતા તે કેવળ સ્વરૂપમાં જ તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યા.–આ બીજી વિશેષતા થઈ. આવી વિશેષતા થતાં કોઈ વચનાતીત એવો અપૂર્વ આનંદ થાય છે કે જેના અંશની પણ જાત વિષયોના સેવનમાં નથી; તેથી તે આનંદને અતીન્દ્રિય કહીએ છીએ.''

ધર્મીજીવ સવિકલ્પદશા વખતે આત્માનું જે સ્વરૂપ જાણતા હતા તે જ નિર્વિકલ્પદશા વખતે જાણે છે, નિર્વિકલ્પદશામાં કાંઈ વિશેષ પ્રકાર જાણ્યા–એવી વિશેષતા નથી, છતાં સવિકલ્પ કરતાં નિર્વિકલ્પદશાનો ઘણો મહિમા કરો છો તો તેનું કારણ શું? એમાં એવી કઈ વિશેષતા છે કે આટલો બધો સ્વાનુભવનો મહિમા શાસ્ત્રોએ ગાયો છે? તે અહીં બતાવ્યું છે. ભાઈ, સ્વાનુભવ વખતે જ્ઞાનઉપયોગ પોતાના શુદ્ધઆત્માને જ સ્વજ્ઞેય કરીને તેમાં થંભી ગયો છે, પહેલાં ઉપયોગ બહારના અનેક જ્ઞેયોમાં ને વિકલ્પોમાં ભમતો, તે મટીને ઉપયોગ પોતાના સ્વરૂપને એકને જ જાણવામાં એકાગ્ર થયો. એક તો આ વિશેષતા થઈ. અને બીજી વિશેષતા એ થઈ કે પહેલાં સવિકલ્પદશા વખતે અનેક પ્રકારના રાગદ્વેષ–શુભાશુભ પરિણામ થતા, સ્વાનુભવ વખતે શુદ્ધોપયોગ થતાં બુદ્ધિપૂર્વકના સમસ્ત રાગાદિ પરિણામો છૂટી ગયા, કેવળ નિજસ્વરૂપમાં જ તન્મય પરિણામ થયા. આવી વિશેષતાને લીધે સ્વાનુભવકાળમાં સિદ્ધ ભગવાન જેવો જે અતીન્દ્રિય સ્વાભાવિક આનંદ અનુભવાય છે તે વચનાતીત છે, જગતના કોઈ પદાર્થમાં એ સુખનો અંશ પણ નથી, ઈન્દ્રિયજનિત સુખો કરતાં આ સુખની જાત જ જુદી છે; આ તો આત્મજનિત સુખ છે, આત્માના સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલું છે. જો કે જેટલી વીતરાગતા

નાથ ! તેરી તપસ્યા જનિત અંગ જો,
શોભતા ચંદ્રમંડલ મઈ રંગ જો. ૧૧૨

થઈ છે તેટલું આત્મિકસુખ તો સવિકલ્પદશા વખતેય ધર્મીને વર્તે છે, પરંતુ નિર્વિકલ્પદશા વખતે ઉપયોગ નિજસ્વરૂપમાં તન્મય થઈને જે અતીન્દ્રિય પરમ આનંદ વેદે છે તેની કોઈ ખાસ વિશેષતા છે. અહા, સ્વાનુભવનો આનંદ શું છે તેની કલ્પનાય અજ્ઞાનીને આવતી નથી. જેણે અતીન્દ્રિય ચૈતન્યને કદી જોયો નથી, જેણે ઈન્દ્રિયવિષયોમાં જ આનંદ માન્યો છે તેને સ્વાનુભવના અતીન્દ્રિયઆનંદની ગંધ પણ ક્યાંથી હોય? અરે, આવા સ્વાનુભવની ચર્ચા પણ જીવને દુર્લભ છે. જેણે જ્ઞાનને બાહ્ય–ઈન્દ્રિયવિષયોમાં જ ભમાવ્યું છે, જ્ઞાનને અંદરમાં વાળીને અતીન્દ્રિય વસ્તુને કદી લક્ષગત કરી નથી તેને એ અતીન્દ્રિયવસ્તુના અતીન્દ્રિયસુખની કલ્પના પણ ક્યાંથી આવે? 'ખાખરાની ખીસકોલી કેરીનો સ્વાદ ક્યાંથી જાણે?' તેમ ઈન્દ્રિયજ્ઞાનમાં જ લુબ્ધ પ્રાણી અતીન્દ્રિયસુખના સ્વાદને ક્યાંથી જાણે? જ્ઞાનીએ ચૈતન્યના અતીન્દ્રિયસુખને જાણ્યું છે; એનો અપૂર્વ સ્વાદ ચાખ્યો છે, એ સુખ એને નિરંતર વર્તે છે; તે ઉપરાંત અહીં તો નિર્વિકલ્પદશામાં તેને આનંદની જે વિશેષતા છે તેની વાત છે.

શંકા :—અમે તો ગૃહસ્થ; ગૃહસ્થને આવી સ્વાનુભવની વાત કેમ સમજાય?

સમાધાન :—ભાઈ, સ્વાનુભવની આ ચિઠ્ઠિ લખનાર પોતે પણ ગૃહસ્થ જ હતા; અને જેમના ઉપર આ ચિઠ્ઠી લખેલી છે તેઓ પણ ગૃહસ્થો જ હતા; એટલે ગૃહસ્થોને સમજાય એવી આ વાત છે. આત્માનું સત્યજ્ઞાન તો ગૃહસ્થને પણ થઈ શકે છે. મુનિદશા જેવી સ્વરૂપસ્થિરતા ગૃહસ્થને ન હોય પરંતુ આત્માનું જ્ઞાન તો મુનિદશા જેવું જ ગૃહસ્થદશામાંય થઈ શકે છે, તેમાં કાંઈ ફેર પડતો નથી. અને આવું આત્મજ્ઞાન કરે તે જ ગૃહસ્થને ધન્ય કહ્યો છે; શ્રી કુંદકુંદસ્વામી તો કહે છે કે હે શ્રાવક! તું નિર્મળ સમ્યક્ત્વને ગ્રહણ કરીને, નિરંતર એને જ ધ્યાનમાં ધ્યાવ. આવું સમ્યક્ત્વ ગૃહસ્થને થઈ શકે છે–તો જ એમ કહ્યું ને? માટે સાચી જિજ્ઞાસા પ્રગટ કરીને સમજવા માંગે તેને સ્વાનુભવની વાત જરૂર સમજાય. આ સૂક્ષ્મ તો લાગે, પણ આ સમજવાથી જ આત્માનું કલ્યાણ છે. માટે આત્માના સમ્યક્ત્વની ને સ્વાનુભવની વાત બરાબર સમજવા જેવી છે.

પ્રશ્ન :—આ સમજીને પછી શું કરવું? ૨૪ કલાકનો કાર્યક્રમ શું?

ઉત્તર :—ભાઈ, ધર્માત્માનો ચોવીસે કલાકનો આ જ કાર્યક્રમ છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું સેવન કરવું ને પરભાવનું સેવન છોડવું.

આપકે અંગમેં શુક્લ હી રક્ત થા,
ચંદ્રસમ નિર્મલ રજરહિત ગંધ થા;

ચોવીસે કલાકમાં ક્ષણે ક્ષણે ધર્માત્મા આ સ્વભાવસેવનનું કાર્ય કરી રહ્યા છે. અને અજ્ઞાની ચોવીસે કલાકમાં ક્ષણે ક્ષણે પર ભાવના સેવનનું કાર્ય કરી રહ્યો છે. બહારનાં કામ તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ એક ક્ષણ પણ કરતું નથી.

સમ્યગ્દર્શન થયા પછી ધર્મીને ઉપયોગ ક્યારેક સ્વમાં હોય છે ને ક્યારેક પરમાં હોય છે; એકધારો સ્વમાં ઉપયોગ રહેતો નથી, પરંતુ સમ્યક્ત્વ એકધારું રહે છે. તે સમ્યક્ત્વ સ્વઉપયોગ વખતે પ્રત્યક્ષ ને પરઉપયોગ વખતે પરોક્ષ—એવા ભેદ તેમાં નથી; અથવા સ્વાનુભવ વખતે તે ઉપયોગરૂપ ને પર તરફ લક્ષ વખતે તે લબ્ધરૂપ—એવા ભેદ પણ સમ્યક્ત્વમાં નથી. સમ્યક્ત્વમાં તો ઔપશમિક વગેરે પ્રકારો છે, ને તે ત્રણેય પ્રકાર સવિકલ્પ દશા વખતે પણ હોય છે. સમ્યગ્દર્શન થયું તેટલી શુદ્ધપરિણતિ તો શુભ-અશુભ વખતેય ધર્મીને વર્તે જ છે.

સમ્યગ્દર્શન થાય એટલે તે જીવ સદાય નિર્વિકલ્પ—અનુભૂતિમાં જ રહે એવું નથી. તેને શુદ્ધાત્મપ્રતીત સદાય રહે પણ અનુભૂતિ તો ક્યારેક હોય. મુનિનેય નિર્વિકલ્પ અનુભૂતિ સળંગ નથી રહેતી, સળંગ બે ઘડી નિર્વિકલ્પ રહે તો કેવળજ્ઞાન થઈ જાય.

સ્વાનુભૂતિ તે જ્ઞાનની સ્વઉપયોગરૂપ પર્યાય છે; સમ્યગ્દર્શનને તે ઉપયોગરૂપ સ્વાનુભૂતિ સાથે વિષમવ્યાપ્તિ છે, એટલે કે એક પક્ષ તરફની વ્યાપ્તિ છે. જેમ કેવળદર્શન અને કેવળજ્ઞાનને, અથવા તો આત્માને અને જ્ઞાનને, તો સમવ્યાપ્તિ છે—એટલે કે બેમાંથી એક હોય ત્યાં બીજું પણ હોય જ; અને એક ન હોય ત્યાં બીજું પણ ન જ હોય.—એમ બન્નેને પરસ્પર અવિનાભાવીપણું છે, એને સમવ્યાપ્તિ કહે છે. પણ સમ્યગ્દર્શનને અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિને એવું સમવ્યાપ્તિપણું નથી, પણ વિષમવ્યાપ્તિ (એક પક્ષ તરફનું અવિનાભાવિપણું) છે; એટલે કે—

➔ જ્યાં નિર્વિકલ્પ અનુભૂતિ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ. અને જ્યાં સમ્યગ્દર્શન ન હોય ત્યાં અનુભૂતિ ન જ હોય;—આવો નિયમ છે; પરંતુ—

➔ જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં અનુભૂતિ સદા હોય જ, અને જ્યાં અનુભૂતિ ન હોય ત્યાં સમ્યગ્દર્શન ન જ હોય, એવો કોઈ નિયમ નથી.

➔ જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં નિર્વિકલ્પ સ્વાનુભૂતિ વર્તતી હોય કે ન પણ વર્તતી હોય. અને જ્યાં નિર્વિકલ્પ સ્વાનુભૂતિ ન હોય ત્યાં સમ્યક્ત્વ ન હોય અથવા હોય પણ ખરું.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

આપકા શાંતિમય અદ્‌ભુતં તન જિનં,
મનવચનકા પ્રવર્તન પરમ શુભ ગણં. ૧૧૩



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
પ્રવચન સાતમું (ભાદરવા સુદ ૩ સોમવાર)

પ્રશ્ન :—ત્યારે શું અમારે બધું આપી દેવું? પાછળ બાયડી-છોકરાં હશે કે નહિ?

ઉત્તર :—બાયડી-છોકરાં છે તે શું છે? આ દેવ-ગુરુ સાચા છે કે બાયડી-છોકરાં? બાયડી-છોકરાં તો સંસારનું નિમિત્ત છે અને વીતરાગદેવ-ગુરુ તો મુક્તિના નિમિત્ત છે. પરમ વીતરાગદેવ, ગુરુ અને ધર્મને માટે એકવાર બધું અર્પણ કરી દેવાનો ભાવ ન આવે ત્યાં સુધી તેને સાચી ભક્તિ નથી. વર્તમાનમાં તારા બરોબરીયા તેના માનેલા કુદેવ-કુગુરુની ભક્તિ વગેરે કરે છે અને તું કુદેવાદિને ન માનતો હો તોપણ બંગલા, મોટર અને બગીચા-વાડી માટે ધન વગેરે ખર્ચે છે અને વીતરાગદેવ-ગુરુ-ધર્મ માટે ખર્ચવાનો ઉલ્લાસ નથી ઉછળતો, તો તને દેવ-ગુરુનું મહાનપણું ભાસ્યું જ નથી. વીતરાગી દેવ અને ગુરુ મોટા કે તારા બંગલા-વાડી મોટા? જગતના મોટા તારણહાર દેવાધિદેવ અરિહંત પરમાત્મા અને એકાદ ભવે મોક્ષ જનારા પરમગુરુ, તેમનામાં કાંઈ મોટપ તને ભાસી છે કે નહિ?

વીતરાગી દેવ-ગુરુને મોટા કહ્યા તેથી કાંઈ તેઓ કોઈને ફળ આપી દેતાં નથી. પરંતુ દેવ-ગુરુના લક્ષે તું મંદભાવ કર તો તારા ભાવનું ફળ તું પામ. ભગવાન કે ગુરુ તને આપી દેવાના નથી.

કોઈ એમ કહે કે અમને સાચું સમજવાનો વખત જ નથી મળતો! તેને કહે છે કે ભાઈ! તને ધન-કુટુંબ વગેરેની વ્યવસ્થા માટે વખત મળે છે. ધન, કુટુંબ, મકાન, બાયડી, છોકરાં, શરીર અને ઈન્દ્રિયના વિષય વગેરેનું પોષણ કરવા માટે વખત મળે છે તથા તેને માટે તન-મન-ધન ખર્ચે છે અને વીતરાગ દેવ-ગુરુને માટે તને વખત નથી મળતો? જેવી રીતે અન્ય કાર્યોમાં પ્રવર્તો છો તેવી રીતે જો દેવ-ગુરુ-ધર્મને માટે ન પ્રવર્તો તો તમને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રુચિ જ નથી. બીજા વિવાહાદિક કાર્યોમાં જેમ પદયોગ્ય પ્રવર્તો છો—મોભા પ્રમાણે ખર્ચ કરો છો તેમ જ્યાં જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના વગેરે અનેક પ્રકારે જરૂર

જનન વ્યય ધ્રૌવ્ય લક્ષણં જગત્ પ્રતિક્ષણં,
ચિત અચિત આદિસે પૂર્ણ યહ હરક્ષણં;

હોય ત્યાં પણ એ જ રીતે પ્રવર્તો છો કે નથી પ્રવર્તતા? અહીં કંજૂસાઈ તો નથી કરતાને? તે તમારા પરિણામનો તમે વિચાર કરી જુઓ. જ્યાં સુધી તમારામાં વિશેષ ધર્મવાસના ન થાય અર્થાત્ આત્મસ્વરૂપના ભાનપૂર્વક સર્વ ત્યાગ થઈને સ્વરૂપની રમણતારૂપ ચારિત્રદશા ન આવે ત્યાં સુધી તેના હિસ્સા જેટલું તન-મન-ધન દેવ-ગુરુ-શાસ્ત્રને માટે લગાવ્યા કરો! ભાઈ! જેમ તું વિવાહાદિક કાર્યોમાં તારા પદયોગ્ય (મૂડી પ્રમાણે) ધન વગેરે ખર્ચે છે તેમ જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં હો ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મ માટે તેના હિસ્સા પ્રમાણે તન, મન, ધન, ક્ષેત્ર, કાળ, જ્ઞાન, શ્રદ્ધા વગેરેનો ભાગ પાડ! આ બધું તારા ભાવ સુધારવા માટે કહીએ છીએ.

પ્રશ્ન :—ભગવાન ધન, ક્ષેત્ર, વગેરેને શું કરે?

ઉત્તર :—તારે ભગવાનને ક્યાં દેવું છે? ભગવાન માટે કાંઈ કરવું નથી પણ તારી તૃષ્ણા ઘટાડવા માટે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનામાં ખરચ. જો તને સત્‌ની રુચિ થઈ છે તો અન્ય સાધર્મીમાં કોને શું પ્રતિકૂળતા છે એ તપાસીને તેમને શાસ્ત્ર આદિની જરૂરિયાત પૂરી પાડવી વગેરે કાર્યોમાં તારી પદવીયોગ્ય હિસ્સો કાઢ. અહીં મૂડી પ્રમાણે—પદયોગ્ય—ખર્ચવાનું કહ્યું છે; દસ લાખની મૂડી હોય તેમાંથી સો-બસો રૂપિયા વાપરે તે પદયોગ્ય ન કહેવાય. જેટલું દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પ્રભાવના વગેરેમાં ખર્ચ્યું તેટલું તારી પાસે રહેવાનું છે અને બાયડી-છોકરાં માટે જે સંઘર્યું છે તેની એક પાઈ પણ તારી સાથે રહેવાની નથી. લૌકિકમાં પણ વિવેક કરતાં આવડે છે તો અહીં પણ વિવેક કરવો જોઈએ. એક દૃષ્ટાંત :—એક ડોશી હતી, તેને દીકરાની વહુ સાથે બનતું નહિ અને પોતાની દીકરી ઉપર પ્રેમ હતો. એક વાર તેનો દીકરો ધન કમાણો એટલે દીકરો તેને કહે કે મા! આપણે કમાણાં છીએ તો હવે વહુને અને બેનને માટે હજાર-હજાર રૂપિયાના ઘરેણાં કરાવશુંને? ત્યારે ડોશીએ વિચાર્યું કે દીકરીને માટે જે ઘરેણાં કરાવશું તે તો દીકરીને પરણાવતાની સાથે આપી દેવા પડશે એટલે તે ઘરમાં રહેશે નહીં, અને આ દીકરાની વહુને માટે જેટલા ઘરેણાં કરાવશું તે તો ઘરમાં જ રહેવાના છે. આવો વિચાર કરીને, જો કે દીકરાની વહુ સાથે બનતું નહિ છતાં, કહ્યું કે ભાઈ! વહુને માટે હજારના ઘરેણાં ભલે કરાવો, પણ બેનને માટે તો બસો-ત્રણસોના કરાવશો તોપણ ચાલશે. જો કે ડોશીને તો તીવ્ર મમતા છે, પણ અહીં તો કેટલું ઘરમાં રહેશે અને કેટલું બહાર જશે તેનો વિવેક ડોશીએ કર્યો એટલું જ દૃષ્ટાંતમાંથી લેવાનું છે.

યહ કથન આપકા, ચિહ્ન સર્વજ્ઞકા,
હૈ વચન આપકા આપ્ત ઉત્કૃષ્ટકા. ૧૧૪

તેમ જેટલું ધન વગેરે સાચા દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના આદિમાં ખર્ચાશે તે ભાવનું ફળ મારા ઘરમાં રહેવાનું છે અને જેટલું ભેગું કરી રાખ્યું હશે તે કાંઈ મારી સાથે રહેવાનું નથી. આવો વિવેક કરીને યથાશક્તિ તન-મન-ધન દેવ-ગુરુ-ધર્મ ખાતર કાઢ. ડોશીને વિવેક કરતાં આવડ્યો તેટલો વિવેક પણ તને નહીં આવડે? તારા પુરુષાર્થથી જેટલી તૃષ્ણા ઘટાડ તેટલું તારા ઘરમાં રહેશે. જ્યાં સુધી મુનિપણું ન પ્રગટે ત્યાં સુધી ઉત્તમ ગૃહસ્થ હોય તે લક્ષ્મીનો ચોથો ભાગ, મધ્યમ હોય તે છઠ્ઠો ભાગ અને જઘન્ય હોય તે દસમો ભાગ દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરે શુભકાર્યમાં જરૂર કાઢે. ઈન્કમટેક્ષ (આવકવેરો) ભરવો પડે છે તે કેમ આપો છો? તેમ અહીં દેવ-ગુરુ-ધર્મને માટે પણ શક્તિ અનુસાર તન-મન-ધન કાઢવા જોઈએ. જો તને દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-પ્રભાવનાનો ઉલ્લાસ નથી આવતો તો તને ધર્મકાર્ય ફિક્કાં લાગ્યા છે, આ ઉપરથી તારું ભવિષ્ય જ ખરાબ જણાય છે.


ભાઈ! તારે સારું કરવું છેને! જેને પોતાનું હિત કરવું હોય તેને માટે આ વાત છે, જેને પોતાની દરકાર નથી એવાને માટે અહીં વાત નથી. ભમરો ગૂંજારવ કરતો કરતો ફૂલની કળી ઉપર બેસે ત્યાં ફૂલની કળી ખીલી ઉઠે, પણ લાકડાં ઉપર બેસે તો કાંઈ લાકડાં ખીલે નહીં. તેમ આચાર્યદેવ કહે છે કે અમે અધ્યાત્મરસનો ગૂંજારવ કરીએ છીએ ત્યાં જે ભવ્ય જીવ નજીક મુક્તિગામી હશે તે તો અંતરથી ખીલી ઉઠવાના, પણ જે દીર્ઘ સંસારી જીવો હશે તેમને આ અધ્યાત્મરસનો ઉપદેશ નહિ રુચે.

લોભરૂપી કૂવામાંથી જગતના પ્રાણીઓને બહાર કાઢવા માટે શ્રી પદ્મનંદી-પંચવિંશતિકામાં દાનનો ઉપદેશ કર્યો છે. ત્યાં કહ્યું છે કે જ્યાં સુધી ગૃહસ્થદશામાં છો ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રને માટે તન, મન, ધન લગાવ્યા કરો. પૈસા ખરચવાથી ખૂટી જતા નથી, પણ પુણ્ય ખૂટે પૈસા ખૂટી જાય છે; પૈસા ખરચવાથી ખૂટી જશે એમ માનનારને પુણ્યની પણ શ્રદ્ધા નથી. પુણ્ય હશે ત્યાં સુધી પૈસા ખૂટશે નહીં અને પુણ્ય ખૂટ્યા તો લાખ ઉપાયે પણ રહેશે નહીં.


આ વાત એકલા ભાઈઓને જ લાગુ પડે અને બહેનોને લાગુ ન પડે એમ નથી, આ તો ભાઈ-બહેનો બધાને સરખી લાગુ પડે છે. ભાઈઓ દાન કરી શકે તો શું બહેનોને દાનાદિ કાર્યોમાં પૈસા ખરચવાનો હક્ક નથી? બાયડી તે શું પુરુષનું રમકડું છે? બાયડીને

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

આપને અષ્ટ કર્મ કલંક મહા,
નિરુપમં ધ્યાન બલસે સભી હૈ દહા;




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૩)

## વ્યવહાર સમ્યગ્દર્શનનું વર્ણન

### ※ નિર્જરા તત્ત્વ ※

ધર્મીનો ઉપયોગ જેમ જેમ સ્વરૂપમાં એકાગ્ર થતો જાય તેમ તેમ શુદ્ધતા વધતી જાય છે, અને તેટલી અશુદ્ધતા તથા કર્મો ખરી જાય છે, તેનું નામ નિર્જરા છે. જીવની શુદ્ધતા વડે નિર્જરા થાય છે. કાંઈ દેહની ક્રિયા વડે નિર્જરા થતી નથી. શરીર સુકાય ને દુઃખ લાગે તે કાંઈ નિર્જરાનું કારણ નથી એટલે કે તે ધર્મ નથી. ચૈતન્યની શુદ્ધતારૂપ તપ છે તેના વડે સાચી નિર્જરા થાય છે અને તે ધર્મ છે. કર્મોની સ્થિતિ પાકીને જે સવિપાક નિર્જરા થાય છે તે તો બધા જીવોને થાય છે, તેની સાથે ધર્મનો સંબંધ નથી, તે નિર્જરા મોક્ષનું કારણ નથી.

### ※ મોક્ષ તત્ત્વ ※

જ્યાં સંપૂર્ણ નિરાકુળ સુખ ને જ્ઞાન છે, અને જેમાં કર્મનો–રાગનો કે દુઃખનો સર્વથા અભાવ છે એવી મોક્ષદશા છે. મોક્ષ શું છે, અને તેનો ઉપાય શું છે તે ઓળખવું જોઈએ. રાગના સર્વથા અભાવરૂપ જે મોક્ષ, તેનો ઉપાય પણ રાગ વગરનો જ છે. મોક્ષના ઉપાયરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેય રાગ વગરના છે. રાગ તે મોક્ષનો ઉપાય નથી. રાગને જે મોક્ષનું સાધન માને છે તેને મોક્ષતત્ત્વની ખબર નથી. મોક્ષનાં કારણ અને બંધનાં કારણ ભિન્નભિન્ન છે, તેમને ભિન્નપણે જાણવા જોઈએ. જે બંધનું કારણ થાય તે મોક્ષનું કારણ ન થાય, ને જે મોક્ષનું કારણ થાય તે બંધનું કારણ ન થાય.–આમ સાત તત્ત્વોની ઓળખાણમાં તો બધાય ખુલાસા આવી જાય છે. સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખથી જે સાત તત્ત્વનું સ્વરૂપ આવ્યું છે તેના જ્ઞાનમાં આખા વિશ્વનાં તત્ત્વોનું જ્ઞાન આવી જાય છે. જીવ શું, અજીવ શું, ક્યા ભાવથી જીવને સુખ થાય, ક્યા ભાવથી જીવને દુઃખ થાય, તેના જ્ઞાનવગર જીવને ધર્મ કે સુખનો ઉપાય થઈ શકે નહીં. મોક્ષદશારૂપે પરિણમેલા આત્મા તે દેવ, સંવર–નિર્જરારૂપે પરિણમેલા આત્મા તે ગુરુ,–

ભવરહિત મોક્ષ–સુખકે ધની હો ગએ,<br>
નાશ સંસાર હો ભાવ મેરે ભએ. ૧૧૫

એમ સાચા દેવ–ગુરુની ઓળખાણ પણ નવ તત્ત્વના જ્ઞાનમાં આવી જાય છે. અને નવ તત્ત્વના વિકલ્પોથી પાર થઈને જ્ઞાનઅનુભૂતિ વડે શુદ્ધ આત્માને પ્રતીતમાં લેવો તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહો, આ તો હજી વીતરાગ-જૈનધર્મનો એકડો છે,—ધર્મની પહેલી ભૂમિકા જે સમ્યગ્દર્શન તેની આ વાત છે.

વીતરાગ જૈનમાર્ગ સિવાય અન્યમતમાં તો સાચાં તત્ત્વો હોતાં નથી, કેમકે તેમાં તો સર્વજ્ઞતા જ નથી. જિનમતમાં સર્વજ્ઞભગવાનને અતીન્દ્રિયજ્ઞાનવડે જાણીને નવ તત્ત્વો જે પ્રમાણે કહ્યાં છે તે પ્રમાણે બરાબર ઓળખીને શ્રદ્ધા કરવી તે સમ્યક્દર્શન વ્યવહારથી છે, તેમાં ભેદ અને વિકલ્પ છે તેથી તેને વ્યવહાર કહ્યો; અને તે જ વખતે સાથે પોતાના શુદ્ધ આત્માની રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત વર્તે છે તે સમ્યગ્દર્શન નિશ્ચયથી છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન તે મોક્ષનું સાચું કારણ છે.

જુઓ ભાઈ! પોતાના આત્માના સાચા સ્વરૂપનો નિર્ણય કરવા માટે, સર્વજ્ઞ ભગવાને કહેલા આવા તત્ત્વોનું શ્રવણ કરવું જોઈએ, અંતરમાં તેનો વિચાર–વિવેક અને ઓળખાણ કરીને દ્રઢ નિર્ણય કરવો જોઈએ; તત્ત્વમાં ક્યાંય જરાય વિપરીતતા ન રહે એવો ચારેકોરથી ચોક્ખો નિર્ણય કરવો જોઈએ. સર્વજ્ઞ વીતરાગદેવ અરિહંત પરમાત્માએ જે ધર્મ કહ્યો અને જીવનું જેવું સ્વરૂપ કહ્યું તેની ઓળખાણ વગર બીજી રીતે ધર્મ માની લ્યે તેમાં કાંઈ ધર્મ નહીં; એ તો શુભ–અશુભમાં ફરી–ફરીને ત્યાં ને ત્યાં જ રહે છે, ક્યાં?–કે સંસારમાં જ. સમ્યગ્દર્શન વગર રાગમાં કે દેહની ક્રિયામાં સામાયિક વગેરે ધર્મ માની લ્યે તેને તો જીવ–અજીવની ભિન્નતાનું પણ ભાન નથી. રાગથી ભિન્ન આત્માનું જેને ભાન નથી તેને રાગના અભાવરૂપ સામાયિક કેવી?

પ્રશ્ન :—ગોળ તો જ્યારે ખાય ત્યારે ગળ્યો જ લાગે, અંધારામાં પણ તે ગળ્યો જ લાગે; તેમ સામાયિકથી તો ધર્મ જ થાય, ભલે સામાયિક કરનાર અજ્ઞાની હોય!

ઉત્તર :—ભાઈ, ગોળ ગળ્યો લાગે એ વાત સાચી, પણ ગોળ હોવો જોઈએને? ગોળને બદલે છાણાનાં કટકાને ગોળ માનીને ખાય તો? તેમ સામાયિકથી ધર્મ થાય એ વાત સાચી, પણ સામાયિક હોવી જોઈએને? સામાયિકને બદલે રાગ–દ્વેષ–અજ્ઞાન ભાવોને સામાયિક માની લ્યે એને કાંઈ ધર્મ ન થાય, એને તો અજ્ઞાનની પુષ્ટિ થાય. સામાયિકના નામે રાગને સેવે એને કાંઈ ધર્મ ન થાય. રાગ વગરનો સમભાવી–જ્ઞાનસ્વરૂપી આત્મા કેવો છે તેની જેને ઓળખાણ હોય ને એવા આત્માના ધ્યાનમાં

| શ્રી નમિનાથ જિન સ્તુતિ | સાધુ જબ સ્તુતિ કરે ભાવ નિર્મલ ધરે,<br>સ્તુત્ય હો વા નહીં, ફલ કરૈ ના કરે; |
|---|---|

એકાગ્રતાના ઉદ્યમ વડે રાગ-દ્વેષના વિષમ ભાવો ઉત્પન્ન જ ન થાય ને વીતરાગી સમભાવ રહે, તેનું નામ સામાયિક ધર્મ છે ને તે મોક્ષનું કારણ છે. આવી સામાયિકને ઓળખે પણ નહિ. રાગથી ભિન્ન આત્માને જાણે પણ નહિ એવા અજ્ઞાનીને કદી સામાયિક હોતી નથી. જેમ કોઈ છાણું ખાય અને માને કે હું ગોળ ખાઉં છું—તો તે મૂરખમાં ગણાય, તેમ અજ્ઞાની શુભરાગ કરે છે અને માને છે કે હું સામાયિકધર્મ કરું છું.—આવા અજ્ઞાનને લીધે જીવ સંસારમાં ચાર ગતિના દુઃખ ભોગવી રહ્યો છે, તેનાથી કેમ છૂટાય—તેની આ વાત છે. સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગસ્વરૂપમાં ઠરવું તેને ભગવાને સામાયિક કહી છે, ને તેને મોક્ષમાર્ગ કહ્યો છે; બે ઘડીની સામાયિક મોક્ષ આપે એવો તેનો મહિમા છે—પણ સમ્યગ્દર્શન વગર સામાયિક કેવી? ને મોક્ષમાર્ગ કેવો?

પ્રશ્ન :—જીવ અનંતવાર નવમી ગ્રૈવેયકમાં ગયો ત્યારે તેણે નવ તત્ત્વની શ્રદ્ધા તો કરી હતી, છતાં તે સંસારમાં કેમ રખડ્યો?

ઉત્તર :—કેમકે તેણે અંતર્મુખ થઈને શુદ્ધ આત્માની અનુભૂતિ કે શ્રદ્ધા ન કરી, ને એકલા નવ તત્ત્વના ભેદના વિકલ્પમાં જ અટક્યો, એટલે નિશ્ચયના લક્ષ વગરના એકલા વ્યવહારના પક્ષથી નવ તત્ત્વને શાસ્ત્રઅનુસાર માન્યા ને તેના વિકલ્પને જ સમ્યગ્દર્શન માનીને તેમાં અટકી ગયો, તેથી સંસારમાં જ રખડ્યો. અહીં તેની વાત નથી. અહીં તો મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનસહિત તત્ત્વોની શ્રદ્ધા કેવી હોય છે તેની વાત છે; નિશ્ચયપૂર્વકના વ્યવહારની વાત છે. એકલી વ્યવહારશ્રદ્ધા તો અજ્ઞાનીએ કરી, પણ નિશ્ચયસહિતનો વ્યવહાર અજ્ઞાનીને હોતો નથી.

જો કે આ વ્યવહાર—તત્ત્વશ્રદ્ધા તે પોતે સમ્યગ્દર્શન નથી, પણ તેની સાથે શુદ્ધ આત્માની જે નિશ્ચયશ્રદ્ધા છે તે સાચું સમ્યગ્દર્શન છે, અને ત્યાં સાથેના વ્યવહારને સમ્યગ્દર્શનનો ઉપચાર આવે છે જો સાચું હોય તો બીજામાં તેનો ઉપચાર થાય, પણ સાચા વગર ઉપચાર કેવા?—એને તો ઉપચાર તે જ સત્ય થઈ ગયું! આ વ્યવહાર સમ્યગ્દર્શન તે કાંઈ શ્રદ્ધા-ગુણની પર્યાય નથી, તે તો વિકલ્પસહિત જ્ઞાનની દશા છે. નિશ્ચયસમ્યગ્દર્શન તે શ્રદ્ધાગુણની સમ્યક્પર્યાય છે, તે વિકલ્પ વગરની છે. શ્રદ્ધામાં વિકલ્પ હોય નહીં, એ તો નિર્વિકલ્પ છે.

મોક્ષશાસ્ત્રના પહેલા જ સૂત્રમાં મોક્ષમાર્ગ તરીકે સમ્યક્દર્શન—જ્ઞાન—ચારિત્ર કહ્યાં છે, એ ત્રણે નિશ્ચય છે. તત્ત્વાર્થ-શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું તે તત્ત્વશ્રદ્ધાનમાં

ઇમ સુગમ મોક્ષમગ જગ સ્વ-આધીન હૈ,
નમિજિનં આપ પૂજે ગુણાધીન હૈ. ૧૧૬

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

# સંલ્લેખના

– સંલ્લેખના એટલે સમાધિમરણ.
– સંલ્લેખના એટલે સંન્યાસમરણ.
– સંલ્લેખના એટલે પંડિત મરણ.
– સંલ્લેખના એટલે મરણ સમયે સમ્યક્ પ્રકારે કષાયને કૃષ કરી જ્ઞાતાદૃષ્ટા રહી શાંતિથી દેહ-પરિવર્તન કરવું.
– સંલ્લેખના એટલે વીતરાગ સહિત મરણ.
– સંલ્લેખના એટલે દેહ, સગા સંબંધી, સંયોગો બધાથી મમત્વ ત્યાગી અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મામાં સ્થિરતા સહિત ભવની સંધિ.
– સંલ્લેખના એટલે દેહ આત્માથી જુદો થાય તે પહેલા જ પોતે જ દેહના રાગથી અસંગ થવાની ભાવના કરવી.
– સંલ્લેખના એ આત્મઘાત નહીં, પણ આત્મજાગૃતિ છે.
– સંલ્લેખના તો જ્ઞાનીને માટે છે હરખ જમણ.
– સંલ્લેખના તો જ્ઞાનીને માટે છે મૃત્યુ મહોત્સવ.
– સંલ્લેખના તો છે પરથી ખસ, સ્વમાં વસ એ ભાવના.
– સંલ્લેખના તો છે 'સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી' પોતાના આનંદ સ્વરૂપમાં આસન જમાવવાની ભાવના.
– જગતને તો છે મરણ તણી બીક,
મારે મન તો છે શાંતિની લહેર,
મારે મન તો છે આનંદની લહેર,
મારે મન તો છે મૃત્યુ મહોત્સવ.
એ ભાવના છે સંલ્લેખના.
– સંલ્લેખના એટલે આત્મામાં જ અહંપણું કરવું.
– સંલ્લેખના એ વીતરાગસ્વરૂપ હોવાથી અહિંસા છે.
– સંલ્લેખના ફક્ત મરણ સમયે નથી કરવાની. 'આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય.' આખી જીંદગી ક્ષણેક્ષણે સમાધિમરણની ભાવના ભાવી હોય તો જ મરણ વખતે એ યાદ આવે.
– સંલ્લેખનાથી મોક્ષ નજીક આવી જાય છે. અનંત ભવો હવે નથી રહેતા. પ્રચૂર કર્મોનો નાશ થાય છે.
– સમ્યક્દર્શનપૂર્વકની સંલ્લેખનાને તો શાસ્ત્રમાં તેરમું વ્રત કહ્યું છે.

(પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય શાસ્ત્રના ગાથા ૧૭૬, ૧૭૭, ૧૭૮ ઉપરના પ્રવચનમાંથી)



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—તેનો કોઈ શાસ્ત્રીય આધાર પણ છે શું?

ઉત્તર :—સમયસાર ગાથા ૪૯ની ટીકામાં ત્રિકાળી સામાન્ય ધ્રુવ દ્રવ્યથી નિર્મળ પર્યાયને ભિન્ન બતાવતાં કહ્યું છે કે, 'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.' આ 'અવ્યક્ત' વિશેષણથી ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કહ્યું છે; એના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટે છે છતાં એ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય વ્યક્ત એવી નિર્મળ પર્યાયને સ્પર્શતું નથી. એ અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યથી નિર્મળ પર્યાય ભિન્ન છે એમ કહ્યું છે.

પ્રવચનસાર ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના ૧૮મા બોલમાં કહ્યું છે કે આત્મામાં અનંતગુણો હોવા છતાં તે ગુણોના ભેદને આત્મા સ્પર્શતો નથી, કારણ કે ગુણના ભેદને લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે, નિર્વિકલ્પતા થતી નથી. શુદ્ધ નિશ્ચયનયથી એકરૂપ અભેદ સામાન્ય ધ્રુવ દ્રવ્યને લક્ષમાં લેતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પતા થાય છે. તેથી આત્મા ગુણોના ભેદને સ્પર્શતો નથી એમ કહ્યું છે; અને ૧૯મા બોલમાં આત્મા પર્યાયના ભેદને સ્પર્શતો નથી એટલે જેમ ગુણો ધ્રુવમાં છે છતાં તેના ભેદને સ્પર્શતો નથી તેમ ધ્રુવમાં પર્યાયો છે અને સ્પર્શતો નથી એમ કહેવું નથી, પણ ધ્રુવસામાન્યથી પર્યાય ભિન્ન જ છે. એવા પર્યાયના ભેદને આત્મા સ્પર્શતો નથી એમ કહીને નિશ્ચયનયના વિષયમાં એકલું સામાન્ય દ્રવ્ય જ આવે છે—એમ બતાવ્યું છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થતું નથી એ પુરુષાર્થની નબળાઈ સમજવી?

ઉત્તર :—વિપરીતતાના લઈને સમ્યગ્દર્શન અટકે છે અને પુરુષાર્થની નબળાઈના લઈને ચારિત્ર અટકે છે. એના બદલે સમ્યક્ નહિ થવામાં પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાદોષને રાઈ સમાન અલ્પ બનાવે છે. તે ડુંગર જેવડા વિપરીત માન્યતાના દોષને છેદી શકે નહિ.

પ્રશ્ન :—સમયસારમાં શુદ્ધનયનું અવલંબન લેવાનું કહ્યું પરંતુ શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે–પર્યાય છે, શું તે અંશના અવલંબને સમ્યગ્દર્શન થાય?

ઉત્તર—ખરેખર શુદ્ધનયનું અવલંબન ક્યારે થયું કહેવાય?.....એકલા અંશને પકડીને તેના જ અવલંબનમાં અટક્યો છે તેને તો શુદ્ધનય છે જ નહિ; જ્ઞાનના અંશને

અંતરમાં વાળીને જેણે ત્રિકાળી દ્રવ્યની સાથે અભેદતા કરી છે તેને જ શુદ્ધનય હોય છે, અને આવી અભેદદૃષ્ટિ કરી ત્યારે શુદ્ધનયનું અવલંબન લીધું એમ કહેવાય છે. એટલે ''શુદ્ધનયનું અવલંબન'' એમ કહેતાં તેમાં પણ દ્રવ્ય-પર્યાયની અભેદતાની વાત છે; પરિણતિ અંતર્મુખ થઈને દ્રવ્યમાં અભેદ થઈને જે અનુભવ થયો તેનું નામ શુદ્ધનયનું અવલંબન છે, તેમાં દ્રવ્ય-પર્યાયના ભેદનું અવલંબન નથી. જોકે શુદ્ધનય તે જ્ઞાનનો અંશ છે—પર્યાય છે, પરંતુ તે શુદ્ધનય અંતરના ભૂતાર્થસ્વભાવમાં અભેદ થઈ ગયો છે એટલે ત્યાં નય અને નયનો વિષય જુદા ન રહ્યા. જ્યારે જ્ઞાન પર્યાય અંતરમાં વળીને શુદ્ધદ્રવ્ય સાથે અભેદ થઈ ત્યારે જ શુદ્ધનય થયો. આ શુદ્ધનય નિર્વિકલ્પ છે. આવો શુદ્ધનય કતકફળના સ્થાને છે; જેમ મેલા પાણીમાં કતકફળ ઔષધિ નાંખતાં પાણી નિર્મળ થઈ જાય છે, તેમ કર્મથી ભિન્ન શુદ્ધ આત્માનો અનુભવ શુદ્ધનયથી થાય છે, શુદ્ધનયથી ભૂતાર્થ સ્વભાવનો અનુભવ કરતાં આત્મા અને કર્મનું ભેદજ્ઞાન થઈ જાય છે. જુઓ આ સાચી ઔષધિ! અનાદિથી જીવને મિથ્યાત્વરૂપી રોગ લાગુ પડ્યો છે, તે આ શુદ્ધનયરૂપી ઔષધિથી જ મટે. સ્વસન્મુખ પુરુષાર્થ વડે શુદ્ધનયનું અવલંબન લઈને શુદ્ધાત્માનો અનુભવ કરતાં જ તત્કાળ ભેદજ્ઞાન થઈ જાય છે અને અનાદિનો ભ્રમણા રોગ મટી જાય છે.

પ્રશ્ન :—કેટલો અભ્યાસ કરે તો સમ્યગ્દર્શન પામી શકાય?

ઉત્તર :—૧૧ અંગનો ઉઘાડ થઈ જાય એટલી રાગની મંદતા અભવીને થાય છે. ૧૧ અંગનું જ્ઞાન ભણ્યા વિના ક્ષયોપશમ ઉઘડી જાય છે, વિભંગજ્ઞાન પણ થઈ જાય છે ને સાત દ્વીપ સમુદ્રને પ્રત્યક્ષ દેખે છે છતાં આ બધું જ્ઞાન થવું તે સમ્યગ્દર્શનનું કારણ નથી.

પ્રશ્ન :—૧૧ અંગવાળાને પણ સમ્યગ્દર્શન થતું નથી તો આત્માની રુચિ વિના આટલું બધું જ્ઞાન થાય?

ઉત્તર :—જ્ઞાનનો ઉઘાડ થવો તે મંદ કષાયનું કાર્ય છે આત્માની રુચિનું કાર્ય નથી. જેને આત્માની ખરેખરી રુચિ થાય તેને જ્ઞાન અલ્પ હોય તોપણ રુચિના બળે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન માટે ઉઘાડ જ્ઞાનની જરૂર નથી પણ આત્માની રુચિની જ જરૂર છે.

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (સુપ્રભાત સ્તોત્ર)

**અર્થ :** જે સુપ્રભાતમાં ભવ્યજીવોરૂપ કમળોને આનંદિત કરનાર કેવળજ્ઞાનરૂપ સૂર્ય ઉદય પામે છે તથા સંપૂર્ણ જગત્ (જગતના જીવ) પાપકર્મના ઉદયરૂપ નિદ્રાથી છૂટકારો પામીને જાગે છે અર્થાત્ પ્રબોધ પામે છે તે જિન ભગવાનના સુપ્રભાતની સ્તુતિ સ્વરૂપ આ પ્રભાતાષ્ટક જે જીવ નિરંતર ભણે છે તેમના પાપ તરત જ નાશ પામે છે તથા ધર્મ અને સુખ વૃદ્ધિ પામે છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—***શાસ્ત્રના જ્ઞાનનો ઉઘાડ હોય તે શું ઘોલન નથી ?*

**સમાધાન :—**ના, તે ઘોલન નહિ. મૂળ તત્ત્વનું ઘોલન—ચૈતન્યનું ઘોલન તે અંદરનું ઘોલન છે, પછી તે ઘોલનમાં ઝાઝું ટકી ન શકે તો શાસ્ત્રના વિચાર આવે તે વાત જુદી છે. પ્રયોજનભૂત તત્ત્વના વિચાર આવે કે મારાં દ્રવ્ય-ગુણ-પર્યાય કેવાં છે? હું બધાથી ન્યારો છું તો કેમ ન્યારો થાઉં! કેમ અંતરમાં આ ભેદજ્ઞાન પ્રગટ થાય? એમ વિચારો આવે.

જેમ ભગવાન અને ગુરુના આંગણે ટહેલ મારે તેમ જ્ઞાયકને ગ્રહણ કરવા માટે વારંવાર ટહેલ માર્યા કરે, તેનો વારંવાર અભ્યાસ કર્યા કરે, ભગવાનના દર્શન માટે ભગવાનના દ્વારે ટહેલ મારતો હોય, ગુરુના દર્શન માટે ગુરુના આંગણે ટહેલ મારતો હોય, અને જ્યાં ભગવાનનાં દ્વાર ખૂલે અને ભગવાનનાં દર્શન થાય—ગુરુનાં દર્શન થાય તેમ ચૈતન્યના આંગણે ટહેલ માર્યા કરે કે ચૈતન્યનાં દર્શન કેમ થાય? મારા ચૈતન્યનો સ્વભાવ શું? તેની મહિમા શી? તેમ જો વારંવાર ટહેલ મારે અને અભ્યાસ કરે તો ચૈતન્યનાં દ્વાર ખૂલી જાય ને દર્શન થાય.

જો ભગવાનને દ્વારેથી છૂટી જાય—થાકી જાય તો દર્શન ન થાય. તેમ અહીં તેણે અંદરથી થાકવું નહિ—નિરાશ થવું નહિ. ગુરુની મહિમા લાગે તો ગુરુના આંગણે ટહેલ મારતાં ગુરુનાં દર્શન થાય તેમ ચૈતન્યના આંગણે વારંવાર ટહેલ માર્યા કરે, ચૈતન્યનો વિચાર—અભ્યાસ કર્યા કરે ને તેનું રટણ કર્યા કરવું જોઈએ. ચૈતન્ય ગ્રહણ નથી થતું માટે તેનું રટણ મૂકવું જોઈએ નહિ. અંતરમાં નાંખેલા જે સંસ્કાર છે તે અંદરમાંથી કામ કર્યા વગર રહેવાના જ નથી.

**પ્રશ્ન :—***હમારે વહાં મંદિર નહીં હૈ, શ્વેતાંબર મંદિર હૈ ઉસમેં જાનેસે હમારા ક્યા નુકસાન હોગા?*

આપને સર્વવિત્! આત્મધ્યાનં કિયા,
કર્મબંધ જલા મોક્ષમગ કહ દિયા;

**સમાધાન** :—યથાર્થ તત્ત્વ સમજનેસે બાહરમેં ક્યા કરના વો અપને આપ સમજમેં આયેગા. મૈં જ્ઞાયક હૂં, ચૈતન્યસ્વભાવ હૂં ઔર વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ, શરીર ભિન્ન હૈ. ઐસી ભેદજ્ઞાનકી બાત સમજો, પીછે યથાર્થ દેવ-શાસ્ત્ર-ગુરુ કૈસા હોતા હૈ ઔર અન્ય જગહ જાનેસે ક્યા નુકસાન હોતા હૈ વહ અપને આપ સમજમેં આ જાયગા.

મૂળ પ્રયોજનભૂત જ્ઞાયકકો સમજો, ઉસીમેં સચ્ચા દેવ-શાસ્ત્ર-ગુરુ આ જાતા હૈ. દેવ કૈસે હોતે હૈં? દેવ વીતરાગી હોતે હૈં, સમવસરણમેં બિરાજતે હૈં, ઉન્હેં વિકલ્પ નહીં હૈ, સ્વરૂપમેં પૂર્ણ લીન હો ગયે હૈં. ઉનકી નાસાગ્ર દૃષ્ટિ હૈ. ભગવાન વીતરાગી હૈ તો પ્રતિમા ભી વૈસી હોની ચાહિયે. પ્રતિમામેં ફેરફાર કરના વો યથાર્થ નહીં હૈ. ઈસલિયે ક્યા કરના સો અપને આપ સમજ લેના.ભાવમેં સચ્ચાપન હોવે તો બાહરમેં નમસ્કાર ભી સચ્ચેકો હોતા હૈ, યહ સબ યથાર્થ તત્ત્વ સમજનેસે સમજમેં આ જાયેગા.

જો જ્ઞાયકકો સમજે ઉનકા વ્યવહાર ભી સચ્ચા હોતા હૈ. વોહી દેવ-શાસ્ત્ર-ગુરુકો સમજતે હૈં. જૈસા ભગવાન હૈ વૈસી હી પ્રતિમાજીકી સ્થાપના હોતી હૈ તથા વો પ્રતિમાજી કો નમસ્કાર હોતા હૈ, તત્ત્વ સમજનેસે અપને આપ સમજમેં આ જાયેગા કિ ક્યા કરના ચાહિયે. જબ અપને ભાવમેં નિશ્ચય-વ્યવહાર સમજમેં આયેગા તબ અપને આપ ગલત માન્યતા છૂટ જાયેગી. નહીં છૂટતા તબ તક વિચાર કરના કિ ક્યા સચ્ચા હૈ? જબ સમજમેં આ જાયગા તો ઉનકો માનનેસે ક્યા નુકસાન હૈ વહ અપને આપ સમજમેં આયેગા ઔર છૂટ જાયેગા.

**પ્રશ્ન** :—*અમારે આત્માની સ્વાનુભૂતિ પ્રગટ કરવા માટે શું કરવું?*

**સમાધાન** :—સ્વાનુભૂતિ, નિર્વિકલ્પદશા પ્રગટે ત્યારે થાય છે. તે પહેલાં હું જ્ઞાયક છું,.....જ્ઞાયક છું એમ વારંવાર જ્ઞાનમાં રટણ કર્યા કરવું. આ વિકલ્પ આવે તે મારું સ્વરૂપ નથી. વિકલ્પથી પણ હું જુદો છું; જે મંદ કે તીવ્ર વિભાવો આવે તે બધાથી જુદો હું ચૈતન્ય છું, એમ વારંવાર તેની મહિમા—લગની, તેનું અંતરમાં રટણ રહેવું જોઈએ. હું જ્ઞાયક છું; હું વિકલ્પ વગરનો—નિર્વિકલ્પ તત્ત્વ છું, વિકલ્પ છૂટી જાય તો હું કાંઈ શૂન્ય નથી થઈ જતો, પણ અંતરમાં જે ભરેલું છે તે પ્રગટ થાય છે. મારામાં એટલે જ્ઞાયક માત્ર આત્મામાં બધું પૂરેપુરું છે. તેમ વારંવાર તેની ભાવના—રટણ—વિચાર—વાંચન કરવા જેવું છે. જ્ઞાયકના આંગણે ટહેલ મારવા જેવી છે.

**આપમેં કેવલજ્ઞાન પૂરણ ભયા,**
**અનમતી આપ રવિ-જુગનુ સમ હો ગયા. ૧૧૭**

બાળકો માટે

## ભરતક્ષેત્રના

## મહાવિદેહક્ષેત્રના વિદ્યમાન વીસ તીર્થંકરો

| | ભૂતકાળના તીર્થંકરો, | વર્તમાન તીર્થંકરો | ભવિષ્યના તીર્થંકરો | મહાવિદેહક્ષેત્રના વિદ્યમાન વીસ તીર્થંકરો |
|---|---|---|---|---|
| ૧ | શ્રી નિર્વાણ | શ્રી ઋષભદેવ | શ્રી મહાપદ્મ | શ્રી સીમંધર |
| ૨ | શ્રી સાગર | શ્રી અજિતનાથ | શ્રી સુરદેવ | શ્રી યુગમંધર |
| ૩ | શ્રી મહાસાધુ | શ્રી સંભવનાથ | શ્રી સુપ્રભ | શ્રી બાહુ |
| ૪ | શ્રી વિમલપ્રભ | શ્રી અભિનંદનનાથ | શ્રી સ્વયંપ્રભ | શ્રી સુબાહુ |
| ૫ | શ્રી શુદ્ધપ્રભદેવ | શ્રી સુમતિનાથ | શ્રી સર્વાયુધ | શ્રી સંજાતક |
| ૬ | શ્રી શ્રીધરનાથ | શ્રી પદ્મપ્રભ | શ્રી દેવપુત્ર | શ્રી સ્વયંપ્રભ |
| ૭ | શ્રી શ્રીદત્તનાથ | શ્રી સુપાર્શ્વનાથ | શ્રી કુલપુત્ર | શ્રી ઋષભાનન |
| ૮ | શ્રી અમલપ્રભ | શ્રી ચંદ્રપ્રભ | શ્રી ઉદંક | શ્રી અનંતવીર્ય |
| ૯ | શ્રી ઉદ્ધરદેવ | શ્રી પુષ્પદંત | શ્રી પ્રોષ્ઠિલ | શ્રી સૂર્યપ્રભ |
| ૧૦ | શ્રી અગ્નિનાથ | શ્રી શીતલનાથ | શ્રી જયકીર્તિ | શ્રી વિશાલકીર્તિ |
| ૧૧ | શ્રી સંયમ | શ્રી શ્રેયાંસનાથ | શ્રી પૂર્ણબુદ્ધ | શ્રી વજ્રધર |
| ૧૨ | શ્રી પુષ્પાંજલિ | શ્રી વાસુપૂજ્ય | શ્રી અરહનાથ | શ્રી ચંદ્રાનન |
| ૧૩ | શ્રી શિવગણ | શ્રી વિમલનાથ | શ્રી નિઃપાપ | શ્રી ચંદ્રબાહુ |
| ૧૪ | શ્રી ઉત્સાહ | શ્રી અનંતનાથ | શ્રી નિઃકષાય | શ્રી ભુજંગમ |
| ૧૫ | શ્રી જ્ઞાનનેત્ર | શ્રી ધર્મનાથ | શ્રી વિપુલમતિ | શ્રી ઈશ્વર |
| ૧૬ | શ્રી પરમેશ્વર | શ્રી શાંતિનાથ | શ્રી નિર્મલ | શ્રી નેમપ્રભ |
| ૧૭ | શ્રી વિમલેશ્વર | શ્રી કુંથુનાથ | શ્રી ચિત્રગુપ્ત | શ્રી વીરસેન |
| ૧૮ | શ્રી યથાર્થદેવ | શ્રી અરનાથ | શ્રી સમાધિગુપ્ત | શ્રી મહાભદ્ર |
| ૧૯ | શ્રી યશોધર | શ્રી મલ્લિનાથ | શ્રી સ્વયંપ્રભ | શ્રી દેવયશ |
| ૨૦ | શ્રી કૃષ્ણમતિ | શ્રી મુનિસુવ્રત | શ્રી અનિવૃત્ત | શ્રી અજિતવીર્ય |
| ૨૧ | શ્રી જ્ઞાનમતિ | શ્રી નમિનાથ | શ્રી જય | |
| ૨૨ | શ્રી વિશુદ્ધમતિ | શ્રી નેમિનાથ | શ્રી વિમલ | |
| ૨૩ | શ્રી શ્રીભદ્ર | શ્રી પાર્શ્વનાથ | શ્રી દેવપાલ | |
| ૨૪ | શ્રી શાંતિયુક્ત | શ્રી મહાવીર | શ્રી અનંતવીર્ય | |

ભરતક્ષેત્રની ત્રિકાળ ચોવીસી શ્રી તીન ચૌવીસી વિધાન પૂજામાંથી લીધેલ છે.

## ગતિ (ચાર)

### મનુષ્ય

| ભોગભૂમિજ | કર્મભૂમિજ |
|---|---|
| ઉત્તમ | આર્ય |
| મધ્યમ | અનાર્ય |
| જઘન્ય | (મ્લેચ્છ) |

### તિર્યંચ

| ત્રસ | સ્થાવર |
|---|---|
| બે ઈન્દ્રિય | પૃથ્વી |
| ત્રણ ઈન્દ્રિય | અગ્નિ |
| ચતુરેન્દ્રિય | વાયુ |
| પંચેન્દ્રિય | વનસ્પતિ |
| | જલ |

### નરક(૭)

- રત્નપ્રભા (ધમ્મા)
- શર્કરાપ્રભા (વંશા)
- વાલુકાપ્રભા (મેઘા)
- પંકપ્રભા (અંજના)
- ધૂમપ્રભા (અરિષ્ટા)
- તમઃપ્રભા (મઘવી)
- મહાતમપ્રભા (માધવી)

### દેવ

| ભવનવાસી(૧૦) | વ્યંતર(૮) | જ્યોતિષ(૫) |
|---|---|---|
| અસુરકુમાર | કિન્નર | સૂર્ય |
| નાગકુમાર | કિંપુરુષ | ચંદ્ર |
| વિદ્યુત્કુમાર | મહોરગ | તારાગણ |
| સુર્પણકુમાર | ગંધર્વ | નક્ષત્ર |
| અગ્નિકુમાર | યક્ષ | ગ્રહ |
| વાતકુમાર | રાક્ષસ | |
| સ્તનિતકુમાર | ભૂત | |
| ઉદધિકુમાર | પિશાચ | |
| દ્વીપકુમાર | | |
| દિક્કકુમાર | | |

#### વૈમાનિક(૨)

| કલ્પોપન્ન(૧૬) | કલ્પાતીત |
|---|---|
| સૌધર્મ | નવ ગ્રૈવેયક |
| એશાન | નવ અનુદિશ |
| સાનત્કુમાર | પાંચ અનુત્તર (વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ |
| માહેન્દ્ર | |
| બ્રહ્મ | |
| બ્રહ્મોત્તર | |
| લાંતવ | |
| કાપિષ્ટ | |
| શુક્ર | |
| મહાશુક્ર | |
| સતાર | |
| સહસ્રાર | |
| આનત | |
| પ્રાણત | |
| આરણ | |
| અચ્યુત | |

**નોંધ :**

- કર્મભૂમિજ મનુષ્યમાં ત્રણ લિંગ છે. ૧. પુરુષલિંગ, ૨. સ્ત્રીલિંગ, ૩, નપુંસકલિંગ,
- આર્યક્ષેત્ર : ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર, વિદેહક્ષેત્ર
- તિર્યંચમાં સંજ્ઞી, અસંજ્ઞી તેમજ જલચર, નભચર, થલચર આદિ ભેદો છે
- ભોગભૂમિમાં ઉત્તમ ભોગભૂમિ : ઉત્તરકુરુ, દેવકુરુ
- મધ્યમ ભોગભૂમિ : રમ્યક્ ક્ષેત્ર, હરિક્ષેત્ર
- જઘન્ય ભોગભૂમિ : હૈમવત્ ક્ષેત્ર, હરિણ્ય ક્ષેત્ર
- નારકી જીવ અધોલોકની સાત પૃથ્વીમાં રહે છે. તેઓને નપુંસકલિંગ હોય છે.
- ભવનવાસી અને વ્યંતરદેવ પૃથ્વીના ખરભાગ ને પંકભાગ તેમજ તિર્યક્લોકમાં નિવાસ કરે છે.
- જ્યોતિષ દેવ પૃથ્વીથી નેવું યોજનની ઉંચાઈથી માંડીને નવસો યોજનની ઉંચાઈ સુધી અર્થાત્ ૧૧૦ યોજન આકાશમાં નિવાસ કરે છે.

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ) (અધ્યાત્મ સંદેશ)

➔ સમ્યગ્દર્શન પ્રગટવાના કાળે તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોય જ એ નિયમ છે. ત્યાર પછીના કાળે સમકિતીને તે અનુભૂતિ કોઈ વાર હોય, કોઈ વાર ન પણ હોય, પણ શુદ્ધાત્મપ્રતીત તો સદૈવ હોય જ. જ્યારે ઉપયોગને અંદર થંભાવીને નિર્વિકલ્પ સ્વાનુભવમાં પરિણામને મગ્ન કરે ત્યારે તેને કોઈ વિશિષ્ટ આનંદનું વેદન થાય છે.

(હવે, આ સ્વાનુભવ વખતે મતિ–શ્રુતજ્ઞાન હોવાથી તેને પરોક્ષ કહ્યો છે, અને શાસ્ત્રોમાં કોઈ ઠેકાણે સ્વાનુભવને પ્રત્યક્ષ પણ કહ્યો છે, તે સંબંધી સ્પષ્ટીકરણ પ્રશ્નોત્તર દ્વારા કરે છે :–) (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ) (મુક્તિનો માર્ગ..)

સારું લગાડવા માટે કહે કે જો આ તારા માટે દાગીનો કરાવ્યો છે; તો પછી તે દાગીનો વેચીને દાનમાં ખરચવાનો હક્ક બાયડીને ખરો કે નહીં? રસોડામાં રસોઈ કરીને તને જમાડવો એટલો જ શું એનો હક્ક? પૈસા વગેરે ખર્ચવામાં પણ તેનો અર્ધો હક્ક હોવો જોઈએ. બાયડી પણ ચોકખું સંભળાવી દે કે અમે પણ પુણ્ય લઈને આવ્યા છીએ. અમને પણ ધન ખરચવાનો હક્ક છે. ગરજ ટાણે અર્ધાંગના....અર્ધાંગના કરો છો, તો પછી પૈસામાં પણ અર્ધો ભાગ ખરો કે નહીં? અમારી ઈચ્છા પ્રમાણે અમે દાનાદિ ન કરી શકીએ તો શું અમારે એ અર્ધા ભાગને પૂજવો છે? શું રસોડામાં જ આખી જિંદગી ગાળવા માટે આવ્યા છીએ? અમને પણ દેવ-ગુરુ-ધર્મની ભક્તિ છે તો અમે પણ તેમાં ઈચ્છાનુસાર ધન ખર્ચીશું. મંદિરમાં ભગવાનની આરતી બોલવાના ભાવ થાય અને વધારે ઘી બોલવું પડે તો ભાઈ સાહેબને બાઈઓએ પૂછવું જોઈએ! જુઓ તો ખરા ધર્મની રુચિ કેવી છે?

સાચા દેવ, ગુરુ, ધર્મને ઓળખીને તેમની પૂજા, ભક્તિ, પ્રભાવના વગેરેમાં ઉલ્લાસપૂર્વક તન, મન, ધન, જ્ઞાન, શ્રદ્ધા વગેરે લગાવશો ત્યારે તો હજી બાહ્ય જૈની બનશો, ગૃહીત મિથ્યાત્વ છૂટશે. આ તો હજી સ્થૂળ મિથ્યાત્વ છૂટવાની–વ્યવહારું જૈન બનવાની વાત કહેવાય છે. વિશેષ કહેવાશે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

ભૂતાર્થદષ્ટિથી પોતાના શુદ્ધ આત્માની શ્રદ્ધા ભેગી જ વર્તે છે, તેથી તે નિશ્ચયસમ્યગ્દર્શન છે, ને તે જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર તત્ત્વના ભેદનું લક્ષ ને વિકલ્પ તે કાંઈ મોક્ષમાર્ગ નથી; પણ નિશ્ચય સાથેના વ્યવહારસમ્યગ્દર્શનમાં તે તત્ત્વોનું જાણપણું હોય છે તેનું આ વર્ણન છે. તેમાંથી જીવતત્ત્વનું અને તેના ભેદોનું વર્ણન હવેની ત્રણ ગાથામાં કરે છે. ॥૩॥

(ક્રમશઃ) ❋

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ભરતક્ષેત્રના બાલ તીર્થંકરોના જન્માભિષેક ઈશાન દિશામાં આવેલ ............... શિલા ઉપર થાય છે. (રક્ત, કમ્બલા, પાંડુક)

(૨) સત્, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને................. દ્રવ્યના લક્ષણ છે. (જાણપણું, અરૂપીપણું, ગુણપર્યાયો)

(૩) ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમરૂપ ચાર અવસ્થાઓ .................... ની છે. (જીવ, દ્રવ્યકર્મ, ભાવકર્મ)

(૪) અંજનગિરિ, દધિમુખગિરિ, રતિકર એ ................ પર્વતોના નામ છે. (પંચમેરુ, નંદીશ્વર, કુલાચલ)

(૫) ઘાતિકર્મ અને અઘાતિકર્મમાં ..................... છે. (અન્યોન્ય, પ્રધ્વંસ, અત્યંત)

(૬) ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ તિર્યંચનો જીવ આયુષ્ય પૂર્ણ કરીને ............. ગતિમાં ઉત્પન્ન થાય છે (દેવ, મનુષ્ય, નારક)

(૭) આજ માગશર વદ અગિયારસના દિને પાર્શ્વનાથ ભગવાનનો જન્મકલ્યાણક દિન છે એમ કહેવું એ ............ નિક્ષેપનો પ્રકાર છે. (ભાવ, દ્રવ્ય, સ્થાપના)

(૮) ૮૪ લાખ યોનીના પ્રકારમાં બે ઈન્દ્રિય જીવોની ............. લાખ યોની છે. (બે, સાત, ચૌદ)

(૯) કોઈ સ્ત્રી ચોખા વીણતી હોઈ તેને જોઈને કોઈએ પૂછ્યું કે તમો શું કરી રહ્યા છો ? ત્યારે તેણે કહ્યું કે હું ભાત બનાવી રહી છું, આમ કહેવું એ ............ નયનો પ્રકાર છે. (સંગ્રહ, શબ્દ, નૈગમ)

(૧૦) નવ પદાર્થ, છ દ્રવ્યો અને પાંચ અસ્તિકાયનું વિશેષ વર્ણન ............ શાસ્ત્રમાં આવે છે. (અષ્ટપાહુડ, પંચાસ્તિકાય, આત્માનુશાસન)

(૧૧) અવધિજ્ઞાનનાં ત્રણ પ્રકારમાં દેવ—નારકીને ................ જ્ઞાન હોય છે. (સર્વાવધિ, દેશાવધિ, પરમાવધિ)

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે “જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ .............. છે.” (જ્ઞેય, ઉપાદેય, હેય)

(૧૩) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ-૨૨૦માં આવે છે કે ''જ્ઞાયક પરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું ............. સમાયેલું છે.''
(જ્ઞાતાપણું, કર્તાપણું, ભોક્તાપણું)

(૧૪) જ્ઞાનનું વિપરીતરૂપ પરિણમન ............... કર્મના ઉદયથી થાય છે.
(મોહનીય, જ્ઞાનાવરણીય, અંતરાય)

(૧૫) પંચેન્દ્રિય જીવના ............. ભેદ છે. (ત્રણ, બે, પાંચ)

(૧૬) હિંસાના ચાર પ્રકારમાં શત્રુથી પોતાના બચાવ માટે કરવામાં આવતી હિંસાને .............. હિંસા કહે છે. (આરંભી, વિરોધી, ઉદ્યમી)

(૧૭) કારતક, ફાગણ અને અષાઢ મહિનાઓમાં આઠમથી પૂનમ સુધી દેવો દ્વારા નંદીશ્વર દ્વીપમાં કરવામાં આવતી પૂજાને ................ પૂજા કહેવામાં આવે છે.
(ઈન્દ્રધ્વજ, અષ્ટાહ્નિકા, ચતુર્મુખ)

(૧૮) જીવ પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે રૂપે પરિણમતો નથી અને તે રૂપે ઉપજતો નથી, માટે કર્તા નથી આ વાત સમયસાર શાસ્ત્રમાં .............. અધિકારમાં કહેવામાં આવેલ છે.
(સંવર, આસ્રવ, કર્તાકર્મ)

(૧૯) અંગબાહ્ય અને અંગ પ્રવિષ્ટ બે ભેદ .......... જ્ઞાનના છે. (શ્રુત, મનઃપર્યય, મતિ)

(૨૦) ક્ષાયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ............ પર્યાયમાં થાય છે.
(દેવ–મનુષ્ય, તિર્યંચ–મનુષ્ય, મનુષ્ય)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

| | | |
|---|---|---|
| ૧) પાંડુક | ૭) દ્રવ્ય | ૧૪) મોહનીય |
| ૨) ગુણપર્યાયો | ૮) બે | ૧૫) બે |
| ૩) દ્રવ્યકર્મ | ૯) નૈગમ | ૧૬) વિરોધી |
| ૪) નંદીશ્વર | ૧૦) પંચાસ્તિકાય | ૧૭) અષ્ટાહ્નિકા |
| ૫) અન્યોન્ય | ૧૧) દેશાવધિ | ૧૮) કર્તા-કર્મ |
| ૬) દેવ | ૧૨) હેય | ૧૯) શ્રુત |
| | ૧૩) કર્તાપણું | ૨૦) મનુષ્ય |

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા**
**શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત**
**(રજત જયંતી વર્ષ અંતર્ગત)**

# બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સાચા મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજી શક્યા છીએ અને આ ઊંડા સત્ જ્ઞાન ધર્મના સંસ્કારો આપણી ભવિષ્યની પેઢીમાં યથાયોગ્ય રીતે આપીએ છીએ. આ સત્ય સંસ્કારનું સિંચન ભવિષ્યની પેઢીમાં જળવાઈ રહે તે અત્યંત જરૂરી છે. અને આ કાર્યમાં છેલ્લા ૨૪ વર્ષથી બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર મહત્વનો ભાગ ભજવી રહી છે.

ઈ.સ. ૨૦૨૫માં આ શિબિરનું ૨૫મું વર્ષ છે જે રજત જયંતી વર્ષ તરીકે સમગ્ર ભારતમાં વિશેષરૂપે ઊજવાઈ રહ્યું છે. આ શિબિરની શ્રૃંખલામાં આ વર્ષે શરૂઆતમાં બૃહદ્ મુંબઈ-મલાડ શહેરમાં આનું આયોજન થયું હતું જેમાં લગભગ ૫૫૦ મુમુક્ષુએ ભાગ લીધો હતો. જેમાં **'ધર્મના મૂળભૂત સિદ્ધાંત (ચાર અનુયોગ)'** આધારિત વિષય પર એક દિવસીય શિબિરનું આયોજન થયું હતું. જેના સૌજન્યનો લાભ માતુશ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી પરિવાર, મુંબઈ, શ્રી મધુસૂદન ન્યાલચંદ શાહ પરિવાર, વિલેપાર્લા, માતુશ્રી ધીરજબેન બાબુલાલ શાહ પરિવાર, ઘાટકોપર અને વત્સલ પારસ મહેતા, ઘાટકોપરને મળ્યો હતો.

ત્યારબાદ પૂના શહેરમાં ફ્લેમ યુનિવર્સિટીમાં ત્રણ દિવસની શિબિરનું આયોજન થયું હતું જેમાં ૭૫૦ મુમુક્ષુઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં **'સમ્યક્ રત્નત્રય આરાધના'** વિષય પર આધારિત આઠ ક્લાસ એક સાથે વિવિધ વિષયો પર અધ્યાપકો દ્વારા લેવામાં આવેલ. આ શિબિર માતુશ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર તથા શ્રી અનંતરાય અમુલખભાઈ શેઠ પરિવારના સૌજન્યથી આયોજિત કરવામાં આવેલ હતી.

આ જ શ્રૃંખલામાં હવે પછી આ બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન હૈદ્રાબાદ, રાજકોટ તેમજ અમદાવાદ શહેરમાં થઈ રહ્યું છે જેની માહિતી આપ સર્વેને વોટ્સ એપ માધ્યમ દ્વારા મોકલવામાં આવશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ડિસેમ્બરના છેલ્લા દિવસોમાં સોનગઢમાં આ શિબિરનું વિશેષરૂપે આયોજન થશે. જેમાં બાળકો માટે ધાર્મિક ક્લાસ અને બાળકો દ્વારા ધાર્મિક કાર્નિવલ, સાંસ્કૃતિક કાર્યક્રમ જેના દ્વારા ધર્મના સંસ્કારનું સિંચન થશે. આ શિબિરનું આયોજન સોનગઢમાં તા. ૨૫-૧૨-૨૫ થી ૩૦-૧૨-૨૫ સુધી થશે. આપ સર્વેને આ શિબિરમાં લાભ લેવા અમારૂં ભાવભર્યું નિમંત્રણ છે. ટૂંક સમયમાં પરિપત્ર આપના મંડળમાં તથા વોટ્સએપ પર આપવામાં આવશે. આ શિબિરની બધી જ માહિતી **Kanjiswami Songadh** નામની એપ ડાઉનલોડ કરવાથી અથવા **Kanjiswami.org** વેબસાઈટ પર જાણવા મળી જશે. રજીસ્ટ્રેશન આદિ સૂચના આપને વોટ્સએપ માધ્યમથી પણ જાણ કરવામાં આવશે.

**Shibir Help Line Number ✆ 8989646494**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી સમયસાર કલશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

✽ **મહાવીર નિર્વાણ પંચાહ્નિક-મહોત્સવ** :—પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ-૧૧, ૧૭-૧૦-૨૦૨૫, શુક્રવાર થી આસો વદ ૩૦, મંગળવાર, તા. ૨૧-૧૦-૨૦૨૫ પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાન પૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

✽ **સુપ્રભાત દિન** :—કારતક સુદ એકમ—નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૨૨-૧૦-૨૦૨૫, બુધવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

✽ **કાર્તિક-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** : કારતક સુદ ૭, બુધવાર, તા. ૨૯-૧૦-૨૦૨૫ થી કારતક સુદ ૧૫, બુધવાર, તા. ૫-૧૧-૨૦૨૫—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

✽ બોટાદ નિવાસી (હાલ-ઘાટકોપર-મુંબઈ) બ્ર. રંજનબેન હિંમતલાલ ગોપાણી (ઉ.વ. ૮૭)નું તા. ૨૧-૮-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ સોનગઢ નિવાસી (હાલ પાર્લા-મુંબઈ) સોલીસીટર સરલાબેન શાહ (ઉ.વ. ૯૩)તા. ૩-૯-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ નાનપણમાં સોનગઢ રહીને પંડિત હિમંતભાઈના હાથ નીચે શિક્ષા પ્રાપ્ત કરી હતી તેમજ નંદીશ્વર જિનાલયમાં ભાવી તીર્થંકરના કેસ જીતાડવામાં તેમનું મહત્વનું યોગદાન હતું.

✽ સોનગઢ નિવાસી મંજુલાબેન નંદલાલ મહેતા (-તેઓ બ્ર. ઈલાબેનના માતુશ્રી) (ઉ.વ. ૯૦)નું તા. ૬-૯-૨૦૨૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ ઘણા વર્ષો સુધી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ચરણે સાધના કરી હતી.

✽ સોનગઢ નિવાસી અનસૂયાબેન નાગરદાસ મોદી (—તેઓ જીતુભાઈ મોદીના માતુશ્રી) (ઉ.વ. ૧૦૦)નું તા. ૧૮-૯-૨૦૨૫ના રોજ શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન થયેલ છે. તેઓ તત્ત્વરુચિવંત હતા. તેઓએ ૨૨ વર્ષની ઉંમરથી ૧૦૦ વર્ષની ઉંમર સુધી પરિવાર સાથે સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપનાશક વાણીનો લાભ લીધો હતો.

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

---

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ................................................................................ જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/ સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ....................... દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ................................................................

સરનામું : ...........................................

...........................................

............................................

સંપર્ક નં. : ...............................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● ધર્માત્મા બાળક હો, વૃદ્ધ હો, દેડકો હો પણ હું જ્ઞાનાનંદ છું, રાગ હું નથી. એમ ભાન હોવાથી જ્યારે અનુભવ કરે છે ત્યારે અંશે સિદ્ધ સમાન આત્માનો અનુભવ કરે છે. સિદ્ધના જેટલો પૂર્ણ અનુભવ નથી પણ સિદ્ધની જાતનો અનુભવ છે. પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ આનંદનો અનુભવ થયો એટલે સ્વરૂપ અનુભવની સર્વ જાતિ પિછાણી છે. સિદ્ધ, અર્હંત વગેરેનો આવો અનુભવ હોય છે તેમ જાણી લ્યે છે. અનુભવ પૂજ્ય છે. તે જ પરમ છે. તે જ ધર્મ છે. એ જગતનો સાર છે. આત્માનો અનુભવ ભવનો ઉદ્ધાર કરે છે. અનુભવ ભવનો પાર કરે છે. મહિમાને ધારણ કરે છે. શક્તિની વ્યક્તિરૂપી અનુભવથી ચિદાનંદનો સુધાર થાય છે. તે જ સુધાર છે. ૭૧૨.

● છદ્મસ્થનો ઉપયોગ એક બાજુ હોય. ઉપયોગ પુણ્ય-પાપ તરફ હોય ત્યારે સ્વઅનુભવમાં ન હોય. સ્વાનુભૂતિ જ્ઞાનની પર્યાય છે. સમ્યગ્દર્શન ને ઉપયોગ-રૂપ સ્વાનુભૂતિને વિષમ વ્યાપ્તિ છે. સમ્યગ્દર્શન હોવા છતાં જ્ઞાન સ્વમાં ઉપયોગરૂપ હોય અથવા ન હોય. માટે સમ્યગ્દર્શન ને સ્વજ્ઞાનના વ્યાપારને વિષમ વ્યાપ્તિ છે. સ્વજ્ઞાન લબ્ધરૂપ હોય છે પણ સદાય ઉપયોગરૂપ હોતું નથી. ૭૧૪.

● પ્રશ્ન : નિર્વિકલ્પ દશા વખતે સ્વ-પરપ્રકાશક સ્વભાવને વાંધો આવે છે ?

ઉત્તર : નિર્વિકલ્પતા વખતે જ્ઞાન જ્ઞાનને જાણે છે, તે આનંદને પણ જાણે છે, માટે ત્યાં પણ સ્વપરપ્રકાશકપણું છે. આનંદને જાણવો તે જ્ઞાનની અપેક્ષાએ છે. નિર્વિકલ્પદશામાં સ્વજ્ઞેય એક જ આવ્યું એમ નથી. જ્ઞાન સાથે આનંદનો ખ્યાલ આવે છે. પોતે જ્ઞાનને જાણે છે તે સ્વ, ને આનંદને પર તરીકે જાણે છે. આમ સ્વ-પરપ્રકાશક સ્વભાવ ત્યાં પણ રહે છે. ૭૧૫.

● છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ અંતર્મુહૂર્તે ધ્યાનમાં ન આવે તો છઠ્ઠું-સાતમું ગુણસ્થાન રહેતું નથી. ચોથે-પાંચમે ગુણસ્થાને લાંબે કાળે-નિર્વિકલ્પ અનુભવમાં આવે પણ જ્ઞાન લબ્ધરૂપ સદાય હોય છે. ૭૧૬.

● એક પણ વિપરીત અભિપ્રાય રહે તો સમકિત કે ધ્યાન થતું નથી. વિપરીત અભિપ્રાય ટળી સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થતાં સ્વ તરફ વળે ત્યારે જે અનુભવ થાય છે, તે સ્વાનુભવ છે. ૭૧૭.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૨૫
અંક-૨ ● વર્ષ-૨૦

Posted at Songadh PO
Publish on 1-10-2025
Posted on 1-10-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org